Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 221 Dt.28-06-2022 (Tuesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# દરિયો તોફાની બનશેઃ રથયાત્રામાં ભારે વરસાદની શક્યતા



## રાજ્યમાં લો–પ્રેશર સર્જાવાથી પવનની ગતિ વધી, રાજ્યનાં ૧૧ બંદરો પર ત્રણ નંબરનું ભયસૂચક સિગ્નલઃ માછીમારોને પાંચ દિવસ સુધી દરિયો ન ખેડવા તાકીદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

ગુજરાતમાં ધીમે- ધીમે હવે ચોમાસું જામી રહ્યું છે. હવામાન ખાતાની આગાહી મુજબ ૩૦ જૂનથી ફરી મુશળધાર અને જોરદાર વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. એટલું જ નહીં પણ લો-પ્રેશર સર્જાવાથી દરિયો તોફાની બનવાની પૂરી શક્યતા છે એ કારણે રાજ્યનાં ૧૧ બંદરો પર ત્રણ નંબરનું ભયસૂચક સિગ્નલ ફરકાવવામાં આવ્યું છે. અમદાવાદમાં અષાઢી બીજની ભવ્ય રથયાત્રાના દિવસે ભારે વરસાદ થવાની આગાહી થઇ છે.

**સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ ઉપરાંત સુરત, તાપી, નવસારી, વલસાડ, સાબરકાંઠામાં ભારે વરસાદ થવાની આગાહી**

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારમાં બે દિવસથી વરસાદ થઇ રહ્યો છે. હજુ આગામી દિવસોમાં સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ તેમજ સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ વગેરે વિસ્તારોમાં ભારે વરસાદ થવાની શક્યતા છે.

ગુજરાતનાં દરિયામાં લો-પ્રેશર સર્જાયું છે. દરિયાકાંઠે તોફાની પવન ફુંકાવાની પણ શક્યતા છે. મીની વાવાઝોડા જેવી આશંકા હોવાથી ગુજરાતમાં તમામ ૧૧ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાડવામાં આવ્યું છે. પવનની ગતિ દરિયાકાંઠે પ્રતિકલાક ૩૦ થી ૪૦ કિમી રહેવાની હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સુચના આપવામાં આવી છે. જખૌ, માંડવી, પોરબંદર, વેરાવળ, દ્વારકા, મુન્દ્રા, ઓખા, દીવ, જાફરાબાદ, પીપાવાવ, ભાવનગર, દહેજ, ભરૂચ બંદરો પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું છે. વલસાડમાં દરિયો તોફાની બની રહ્યો છે અને ઉંચા તોતિંગ મોજા ઉછળી રહ્યા છે. વલસાડ જિલ્લા પોલીસે લોકોને દરિયા કિનારાથી દૂર રહેવા સુચના આપી છે. ભારે વરસાદની પણ શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આજે મંગળવારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રનાં તમામ જિલ્લાઓમાં હળવાથી ભારે વરસાદની શક્યતા છે. પહેલી જુલાઈ એટલે કે રથયાત્રાના દિવસે અમદાવાદ સહિત રાજ્યભરમાં વરસાદ થઇ શકે છે. મહીસાગર અને દાહોદમાં અતિભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. કુલ ૧૧ જિલ્લાઓમાં પાંચ જુલાઈ સુધીમાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી થઇ છે.(૨.૧૨)

# મેક્સિકોથી અમેરિકા જવાના પ્રયાસમાં ૪૬ લોકો ટ્રકમાં ગૂંગળાઈ મર્યા



## ૪ બાળકો સહિત ૧૬ અન્ય લોકોને હોસ્પિટલ ખસેડાયા

**(એજન્સી સમાચાર)**


વોશિંગ્ટન, તા.૨૮

નોકરી-ધંધા અને ડોલર કમાવવાની લાલચમાં મેક્સિકો જેવા ગરીબ દેશમાંથી જાનના જોખમે સરહદ પાર કરીને અમેરિકા જવાના પ્રયાસો અનેકવાર થતા રહે છે. તાજેતરમાં આવા એક પ્રયાસનું અતિશય કરૂણ અને હૃદયદ્રાવક પરિણામ આવ્યું છે. એક બંધ ટ્રકનાં કન્ટેનરમાં ઘેંટા-બકરાની જેમ ભરીને ૧૦૦ થી વધુ લોકોને મેક્સિકોથી અમેરિકા લઇ જવાતા હતા ત્યારે ૪૬ લોકોનું ગૂંગળાઈ જવાથી કરૂણ મૃત્યુ થયું હતું. બંધ ટ્રકની અંદરથી ૪૬ મૃતદેહો ટેક્સાસ પોલીસને મળી આવ્યા હતા.

અમેરિકાની પોલીસે જણાવ્યા મુજબ મેક્સિકોથી ટ્રકના કન્ટેનરમાં ૧૦૦ જણાને ભરીને સરહદ પાર કરી અમેરિકાનાં ટેક્સાસ

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતમાં નગરો-મહાનગરોની જનસુખાકારી માટે રૂ.૫૧૦૦ કરોડ ફાળવતા મુખ્યમંત્રી



## આંતર માળખાકીય વિકાસ કામો માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો વધુ એક જનહિતકારી નિર્ણય

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાતના નગરો- મહાનગરોના સુઆયોજિત સર્વગ્રાહી વિકાસ માટેની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નગરો- મહાનગરો- શહેરી વિકાસ સતા મંડળોને ૨૦૨૨-૨૩ નાં વર્ષ માટે રૂ.૫૧૦૦ કરોડની ફાળવણી કરી છે.

મુખ્યમંત્રી સમક્ષ વિકાસ કામોની દરખાસ્તો શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે રજુ કરી હતી. જેને મુખ્યમંત્રીએ તુરંત જ મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ ૫૧૦૦ કરોડ રૂપિયાની રાશી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ અને ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન દ્વારા મહાનગરો, નગરો અને શહેરી વિકાસ સતા મંડળોને આપવાની અનુમતી આપી છે.

તે મુજબ રાજ્યનાં નગરો- મહાનગરો અને સતા મંડળોમાં વિકાસ કામો કરવા ફાઈનાન્સ બોર્ડ મારફત રૂ.૩૮૦૬ કરોડની રકમ ફાળવવામાં આવશે. મિશનને રૂ.૧૨૯૪ કરોડ ફાળવવામાં આવશે. આ રીતે મુખ્યમંત્રીએ વધુ એક જનહિતકારી નિર્ણય લીધો છે. ૮ મહાનગર પાલિકાઓને રૂ.૧૯૧૭ કરોડ, નગરપાલિકાઓને રૂ.૩૭૯ કરોડ અને શહેરી વિકાસ સતા મંડળોને રૂ.૭૨ કરોડ અપાશે. તદ્ઉપરાંત મુખ્યમંત્રી શહેર સડક યોજના માટે રૂ.૫૦૦ કરોડની ફાળવણી થશે. તેમાંથી ૮ મનપાને રૂ.૩૦૦ કરોડ અને નગરપાલિકાઓને રૂ.૨૦૦ કરોડ ફાળવવામાં આવશે. મહાપાલિકા અને નપા વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા નિવારવા ફ્લાઈ ઓવર બનાવવા માટે રૂ.૨૫૦ કરોડ ફાળવવામાં આવશે.

(અનુ.પાના નં.૪ ઉપર)

**ગુજરાતમાં મળે છે એથી વધુ સંખ્યામાં બાળકો અને તરૂણો ગુમ**



**ગુમ થનારા બાળકો અને તરૂણોની સંખ્યામાં સુરત મહાનગર ટોચ પર**

# ૨૦૨૧-૨૨ સુધીમાં હજુ ૨૪૭૦ બાળકો અને કિશોરોનો અત્તોપત્તો નથી

## ખોવાયેલા અને ગુમ થયેલા બાળકોને શોધી કાઢવા માટે તમામ શહેરની પોલીસને તેના પ્રયાસો બમણા કરવા ગૃહ ખાતા અને પોલીસવડાનો આદેશ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

ગુજરાતમાં દરવર્ષે ગુમ થતા યા તો ઉપાડી જવાતા બાળકો અને તરૂણોની વધતી જતી સંખ્યા સરકાર અને પોલીસ માટે પડકારરૂપ બની રહી છે. સતાવાર મળતા આંકડા દર્શાવે છે કે, જેટલા બાળકો અને તરૂણોને શોધી કાઢવામાં આવે છે તેનાથી વધુ સંખ્યામાં બાળકો ગુમ થઇ રહ્યા છે. ગુમ થનારા બાળકોમાં નોંધપાત્ર સંખ્યા સગીર વયનાં કિશોરોની છે. તેવું ૨૦૨૧-૨૨ નાં સતાવાર આંકડા દર્શાવે છે. સીઆઈડી ક્રાઈમની આગેવાની અને માર્ગદર્શન મુજબ ગુજરાત પોલીસ ગુમસુદા બાળકોની શોધ માટે ૬ મોટી ઝુંબેશ પૂરી કરી ચુકી છે. જેને પ્રમાણમાં થોડીઘણી સફળતા મળી છે. પોલીસને હજુ તેના પ્રયાસો બમણા વેગથી ચાલુ રાખવા ગૃહખાતાએ અને રાજ્ય પોલીસવડાએ તાકીદ કરી છે.

૨૦૨૦-૨૧ માં ગુમ થયેલા બાળકોની સંખ્યા ૨૩૭૧ નોંધાઈ હતી. જયારે ૨૦૨૧-૨૨ માં આંકડો વધી ગયો છે અને ગુમ થયેલા બાળકોની સંખ્યા ૨૪૭૦ થઇ ગઈ છે.

એક અહેવાલ જણાવે છે કે, ગુમસુદા બાળકોની સંખ્યામાં એક વર્ષમાં ૯૯ નો વધારો થયો છે જે બેહદ ચિંતાજનક છે. આ બાળકોનો કોઈ અત્તોપત્તો મળ્યો નથી અને એમના પરિવાર પાસે પણ કોઈ પગેરું મળ્યું નથી. ગુમ થનાર બાળકોમાં લગભગ અડધી સંખ્યા તરૂણીઓની છે. તેમ સતાવાર આંકડા દર્શાવે છે. એમના ગુમ થવા પાછળ ઘણાબધા કારણો હોય છે. પોલીસનું એવું માનવું છે કે, મોટાભાગની તરૂણીઓના ગુમ થવાના પાછળનું કારણ પ્રેમ સંબંધો હોય છે. એ પછી અન્ય કેટલાક પરિબળો જવાબદાર ગણાય છે. ઓછું શિક્ષણ, ગરીબી, કામકાજ બાબતે, ઠપકો અથવા તો અભ્યાસ બાબતે વાલીઓનું દબાણ વગેરે કારણોસર નાસમજ તરૂણીઓ ઘર છોડી જતી હોય છે અથવા તો કોઈ ગેંગનાં હાથમાં ફસાઈ જતી હોય છે.

ગુજરાતમાંથી છેલ્લા ૧૫ વર્ષમાં ૫૨૪૦૯ સગીર-સગીરાઓ ગુમ થયાનું પોલીસ ચોપડે નોંધાયું હતું. તેમાં તરૂણોની સંખ્યા ૧૪.૮ ટકા જેવી હતી. જયારે ૧૪ વર્ષથી ઓછી વયની બાળાઓની સંખ્યા

(અનુ.પાના નં.૪ ઉપર)

**સીઆઈડી ક્રાઈમની આગેવાની નીચે ગુમ બાળકોને શોધવાના ગુજરાત પોલીસના પ્રયાસો વેગવાન**

**મુંબઈનાં કુર્લા વિસ્તારમાં ચાર માળની ઈમારત ધસી પડતા ત્રણનાં મોત, ૧૨ થી વધુ લોકોને સલામત બહાર કાઢવામાં આવ્યાઃ ફાયરબ્રિગેડ અને પોલીસ દ્વારા હજુ બચાવ કામગીરી ચાલુ**

# ક્રેડિટ કાર્ડથી ૧.૧૪ લાખ કરોડનું પેમેન્ટઃ રેકોર્ડ

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી,તા. ૨૮

ક્રેડીટ કાર્ડ મારફત પેમેન્ટ રેકોર્ડબ્રેક સ્તરે પહોંચી ગયું છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા દ્વારા જારી કરવામાં આવેલા રિપોર્ટ મુજબ મે મહિનામાં લોકોએ ૧,૧૪,૦૦૦ કરોડનું પેમેન્ટ ક્રેડીટ કાર્ડ મારફત કર્યું હતું જે માસિક ધોરણે ૮ ટકા અને વાર્ષિક ધોરણે ૧૧૮ ટકાની વૃધ્ધિ સૂચવે છે.

રિઝર્વ બેન્કના રિપોર્ટ પ્રમાણે ક્રેડીટ કાર્ડ મારફત નાણાકીય વ્યવહારો બહુ મજબૂત રીતે વધી રહ્યા છે અને મે-૨૦૨૨માં સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા છે. રીટેઇલ અર્થતંત્ર વૃધ્ધિ પામી રહ્યાનું સૂચવાઈ રહ્યું છે જો કે આવતા મહિનામાં વ્યાજ દરમાં વધારાનો સીલસીલો જારી રહેવાનો છે ત્યારે ક્રેડીટ કાર્ડ પેમેન્ટનો વૃધ્ધિ દર જળવાઈ છે કે કેમ તેના પર નિષ્ણાંતોની નજર છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ક્રેડીટ કાર્ડ પેમેન્ટની વૃધ્ધિ છેલ્લા ત્રણમાં વાર્ષિક ધોરણે ૨૩ ટકા થઇ છે. ઇન્ડુઇન્ડ બેન્ક અને કોટક બેન્કમાં માસિક ધોરણે સૌથી વધુ ૧૭ અને ૧૫ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે અન્ય બેન્કોનો વૃધ્ધિ દર સરેરાશ ૪.૯ ટકાનો છે.

૩ વર્ષના ધોરણે આઈસીઆઈસીઆઈ બેન્કનો વૃધ્ધિ દર સૌથી વધુ ૪૮ ટકાનો રહ્યો છે.જ્યારે આરબીએલ બેન્કના ક્રેડીટકાર્ડથી પેમેન્ટનો દર ૩૮ ટકાના દરે વધારો સૂચવે છે. બેન્કરોના કહેવા પ્રમાણે કોરોનાકાળ પછી આ

(અનુ.પાના નં.૪ ઉપર)

# બે વર્ષના ગાળા બાદ અમદાવાદમાં અભૂતપૂર્વ રથયાત્રા

**૧લી જુલાઈએ ગૃહમંત્રી અમિત શાહ મંગળા આરતીમાં હાજરી આપશે**

**રથયાત્રાની સુરક્ષા વ્યવસ્થાનો રીહર્સલઃ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ રૂટ પર સુરક્ષા નિરીક્ષણ કર્યું**

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૨૮

બે વર્ષનાં કોરોનાના ગાળા બાદ આ વખતે ફરીવાર અમદાવાદમાં ભવ્ય, અભૂતપૂર્વ અને આલીશાન રથયાત્રા અષાઢી બીજના પવિત્ર દિને યોજાનાર છે. રથયાત્રા માટેની તમામ તૈયારીઓ પરીપૂર્ણ કરી લેવામાં આવી છે અને સમગ્ર રૂટ પર સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ૧લી જુલાઈએ રથયાત્રાના પ્રારંભે મંગળા આરતીમાં સહપરિવાર હાજરી આપશે. ૧૫ ડ્રોનથી સમગ્ર રથયાત્રા પર નજર રાખવામાં આવશે.

આજે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ રથયાત્રાના રૂટ પર સુરક્ષાનું રીહર્સલ કર્યું હતું. તેમણે પગપાળા ચાલીને સુરક્ષા વ્યવસ્થા નિહાળી હતી. રાજ્યના આઈજી, ડીઆઈજી સહિતનાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી પણ સુરક્ષા રીહર્સલમાં જોડાયા હતા. અમદાવાદની આ ૧૪૫ મી રથયાત્રા છે. સવારે ૭:૦૫ કલાકે રથયાત્રાનો જગન્નાથ મંદિરેથી શુભારંભ થશે.

આજે સમગ્ર રથયાત્રા રૂટ પર પોલીસના જોરદાર સુરક્ષા રીહર્સલ બાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આસ્થા અને વ્યવસ્થાનું ઉદાહરણ એટલે રથયાત્રા.

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# ગુજરાતમાં દેશનો સૌથી લાંબો કોસ્ટલ કોરીડોર બનશે

## ઉમરગામથી કચ્છ સુધી ૨૪૦૦ કરોડના ખર્ચે નિર્માણઃ જામનગર, ભાવનગર, પોરબંદર, સોમનાથ,માળીયાને પ્રોજેક્ટથી પુષ્કળ લાભ



**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૨૮

ગુજરાત વિકાસનું એક વધુ શિખર સર કરવા જઈ રહ્યું છે. રૂ.૨૪૦૦ કરોડનાં ખર્ચે ૧૬૩૦ કિમી લાંબા દેશનાં સૌથી લાંબા કોસ્ટલ કોરીડોરનું નિર્માણ કરવામાં આવશે. દક્ષિણ ગુજરાતના ઉમરગામથી કચ્છના નારાયણ સરોવર સુધીના આ કોસ્ટલ કોરીડોરથી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ ઉપરાંત ભાવનગર, પીપાવાવ, સોમનાથ, પોરબંદર, જામનગર અને માળીયા સહિતના શહેરોને લાભ થશે. ગુજરાતમાં પ્રવાસન અને ઔદ્યોગિક પ્રવૃત્તિને વધુ વેગ આપવા રાજ્ય સરકારે દેશનાં સૌથી મોટા કોસ્ટલ કોરીડોર હાઈ-વેનું નિર્માણ કરવાનો પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. વડાપ્રધાન ગતિશક્તિ યોજના હેઠળ હાથ ધરાનારા પ્રોજેક્ટમાં હાઈ-વેની બંને આજુએ ઔદ્યોગિક અને સંલગ્ન પ્રવૃતિઓ માટે જમીન ખુલ્લી રાખવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૩૦૦ કિમી કોરીડોર નિર્માણની કામગીરી રાજ્ય સરકારે શરૂ કરી દીધી છે.

એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, ૧૬૩૦ કિમી લાંબા કોરીડોરમાંથી ૧૪૦ કિમી ગ્રીનફિલ્ડ કોસ્ટલ એરિયા તરીકે વિકસાવવામાં આવશે. કોસ્ટલ હાઈ-વે ૧૦ મીટરથી વધુ પહોળો હશે અને ૩ ડ્રાઈવિંગ લેન હશે. હાઈ-વે પરના તમામ પોઈન્ટ દરિયાઈ ભરતીના લેવલથી ૫૦૦ મીટર રાખવામાં આવ્યા છે. જેથી પસાર થતા લોકો દરિયાઈ સૌંદર્યનો આનંદ માણી શકે.(૨.૧૨)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

## WhatsApp કરો તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી ક્લાસિફાઇડ

સાંધ્ય દૈનિક

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો:**
**90333 44426**




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

## તંત્રી સ્થાનેથી...

### ખેડુતોને સરકારે પીએમ કિસાન યોજનાનું કેવાયસી માટે સમય આપ્યો

પીએમ કિસાન સન્માન નિધિ યોજના એ ખેડૂતોને મદદ કરવા માટે શરૂ કરવામાં આવી છે જેઓ ગરીબ છે. માત્ર સીમાંત અને ઓછી જમીન ધરાવતા ખેડૂતોને જ આ યોજનાનો લાભ મળે છે. જો તમને ૧૦,૦૦૦ રૂપિયાથી વધુનું પેન્શન મળે છે અને કોઈ વ્યક્તિ ઈકન્મ ટેક્સ રિટર્ન ફાઈલ કરે છે, તો તે પણ આ સ્કીમનો લાભ લઈ શકશે નહીં. આ સાથે એક પરિવારમાં માત્ર એક જ વ્યક્તિને આ યોજનાનો લાભ મળશે.

કિસાન સન્માન નિધિ યોજના ખેડૂતો માટે ચલાવવામાં આવતી સૌથી મહત્વાકાંક્ષી યોજનાઓમાંની એક છે. આ યોજના દ્વારા કેન્દ્રની મોદી સરકાર ખેડૂતોને દર વર્ષે ૬,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપે છે. આ યોજના દ્વારા આપવામાં આવતી નાણાકીય મદદ સરકાર દ્વારા એક વર્ષમાં ત્રણ હપ્તામાં ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે, પરંતુ હવે આ યોજનામાં નોંધણીના નિયમોમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે.

હવે તમામ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરતી વખતે તેમના રેશનકાર્ડની માહિતી પણ શેર કરવાની રહેશે. પીએમ કિસાન યોજનામાં થતી છેતરપિંડી રોકવા માટે સરકારે આ મોટો ફેરફાર કર્યો છે. હવે તમારે રજીસ્ટ્રેશન કરતી વખતે રેશન કાર્ડ પણ અપલોડ કરવા પડશે, અન્યથા તમને આગામી હપ્તાનો લાભ મળશે નહીં.

આ સાથે સરકારે યોજનાનું ઈ-કેવાયસી કરવાનું પણ ફરજિયાત બનાવ્યું છે. પીએમ કિસાન યોજના હેઠળ, તમારે તમારા રેશન કાર્ડની પીડીએફ કોપી પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે. આ સાથે આધાર કાર્ડ, બેંક પાસબુક વગેરેની હાર્ડ કોપી જમા કરાવવાની જરૂરિયાત પણ દૂર કરવામાં આવી છે. આ પછી તમારે ફક્ત રેશન કાર્ડ અપલોડ અને ઇ-કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. આ પછી તમને આ યોજનાનો લાભ મળવા લાગશે. સરકારે ખેડૂતોને મેળવવા માટે ૩૧ જુલાઈ ૨૦૨૨ સુધીનો સમય આપ્યો છે. જે ખેડૂતોએ KYC આ પ્રક્રિયા પૂર્ણ કરી નથી તેમને ૧૧મા હપ્તાનો પણ લાભ મળ્યો નથી. આ રીતે, જો તમે રૂઝ ન કર્યું હોય, તો શક્ય તેટલું જલ્દી કરો.

### અમદાવાદમાં અંતે સિવિલ હોસ્પિટલમાં તબીબોની હડતાલનો અંત, ૧૧૦૦ થી વધુ તબીબો આજથી ફરજ પર આવી ગયાઃ આજે આરોગ્યમંત્રી સાથે ખાસ બેઠક

## તું બીજી સાથે મૈત્રી કરાર કરીને બીજા લગ્ન કરી લેઃ પતિને નણંદની ચડામણી

### પરિણીતાની પતિ સહિતના ચાર સાસરીયાઓ સામે ત્રાસ ગુજાર્યાની મહિલા પોલીસમાં ફરિયાદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૮

જામનગર રોડ પર બજરંગવાડીમાં રાજીવનગરમાં ૨૫ ચો.મી. વાળા કવાર્ટરમાં રહેતાં રૂબીનાબેન બેલીમ (ઉ.વ.૪૦)એ પતિ-રફિક, સસરા-સુલતાનભાઈ, સાસુ-હમીદાબેન અને નણંદ-શબાના સરફરાઝ બેલીમ સામે લગ્નના થોડા વર્ષ બાદથી નાની-નાની વાતમાં ઝઘડા કરી અપશબ્દો કહી ત્રાસ આપવાની મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

રૂબીનાબેને પોલીસે જણાવ્યું કે, તેના લગ્ન ૨૦૦૩માં આરોપી રફિક સાથે થયા હતા. લગ્ન બાદ થોડા સમય ઘર સંસાર સારી રીતે ચાલ્યો હતો. પરંતુ તેના પતિને જુગાર રમવાની ટેવ હતી. તે જુગાર રમતો હોય તેના દાગીના પણ જુગાર રમવામાં ગીરવે મુકી દીધા હતા. જે બાબતે દંપતી વચ્ચે ઝઘડો થતો હતો. ઘરમાં રહેવામાં સાંકળ પડતી હોવાથી દંપતી સંતાનો સાથે તેના માતા-પિતાના ઘરે ભાડે રહેવા ગયા હતા.

ત્રણ વર્ષ પહેલા સાસુએ મને એકલા ફાવતું નથી. છોકરાઓને મારી પાસે મોકલો તેમ કહેતા તેણે બાળકોને તેની સાથે રહેવા મોકલ્યા હતા. તેનાં પતિ તેનું નામ આપીને બધા પાસેથી પૈસા લઈ આવતો હોય. આ રીતે તેણે અનેક સ્થળે લેણા કર્યા હતા. બાદમાં પૈસા ભરી શકે તેમ ન હોવાથી તેના ભાઈ પાસેથી પૈસા લઈ ભર્યા હતા. છેલ્લા દોઢેક વર્ષથી તેને એકલી મુકી પતિ જતો રહ્યો હતો.

નણંદ પણ તેના પતિને ચડામણી કરતી હોય તે તેનું માન્યું જ કરતો નણંદ છુટાછેડા કરવા દબાણ કરી તેના પતિને તું બીજી સાથે મૈત્રી કરાર કરીને બીજા લગ્ન કરી લે તારી પત્ની કંઈ નહી કરી શકે તેમ કહેતી. સાસુ-સસરા પણ તેના પતિને ચડામણી કરતા હતા. તેના પતિને અન્ય યુવતી સાથે આડા સંબંધ હોય આથી તેને રાખવા માંગતો ન હોય અને મારે તને જોઈતી નથી કહી ત્રાસ ગુજાર્યાના આક્ષેપો કર્યા છે.

## હું ઘણા સમયથી ડીપ્રેશનમાં છું, સોરી સ્યુસાઈડ નોટમાં લખી તરૂણીનો આપઘાત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૮

રાજકોટ શહેરમાં આપઘાતના બનાવોમાં દિવસે ને દિવસે વધારો થતો જોવા મળી રહ્યો છે ત્યારે ડીપ્રેશનથી પીડાઈ રહેલી ૧૭ વર્ષીય તરૂણીએ હું ઘણા સમયથી ડીપ્રેશનમાં છું, કોઈનો વાંક નથી તેવું સ્યુસાઈડ નોટમાં લખી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઉમિયા ચોક પાસે કિશન પાર્કમાં રહેતી આયુષી મહેશભાઈ રાવલ નામની ૧૭ વર્ષીય તરૂણીએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાની જાણ થતા થતા તાલુકા પોલીસનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે સ્થળ તપાસ કરી જરૂરી કાર્યવાહી કરતા ત્યાંથી એક સ્યુસાઇડ નોટ પણ મળી આવી હતી જે પોલીસે કબ્જે કરી મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં માતા-પિતાના છૂટાછેડા થઇ ગયા બાદ આયુષી પિતા સાથે રહીને અભ્યાસ કરતી હોવાનું સામે આવ્યું છે. સાથે જ પોલીસને આપઘાત કરતા પૂર્વે લખેલી સ્યુસાઈડ નોટ મળી આવી હતી જેમાં જણાવ્યું હતું કે હું ઘણા સમયથી ડીપ્રેશનમાં છું, કોઈનો વાંક નથી, આઈ એમ સોરી હું નહી જીવી શકું. હાલ પોલીસે સ્યુસાઈડ નોટ કબજે કરી આપઘાતનું અન્ય કોઈ કારણ છે કે કેમ તે પણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

## મેટોડા જીઆઈડીસીના શેડમાંથી રૂ.૧૩.૭૫ લાખનો વિદેશી દારૂ મળ્યો

### લોધિકાના પીએસઆઇ કે.કે.જાડેજા તથા ટીમનો દરોડોઃ આરોપીની શોધખોળ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા., ૨૮:

લોધીકાના મેટોડા જીઆઇડીસીના શેડમાં લોધિકા પોલીસે દરોડો પાડી ૧૩.૭૫ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. દારૂનો જથ્થો ઉતારનાર રાજસ્થાની શખ્સની શોધખોળ હાથ ધરાઇ છે.

પ્રાપ્ત વિગતો મુજબ મેટોડા જીઆઇડીસીના ગેટ નં.૧ સામેની શેરીમાં રંગના પોલીકિમ નામના શેડમાં વિદેશી દારૂનો જંગી જથ્થો ઉતર્યો હોવાની બાતમી મળતા રૂરલ એસપી જયપાલસિંહ રાઠૌડના માર્ગદર્શન હેઠળ લોધિકાના પીએસઆઇ કે.કે.જાડેજા તથા એએસઆઇ હરદીપસિંહ જાડેજા સહીતના સ્ટાફે રેઇડ કરી જુદી જુદી બ્રાન્ડની ઇંગ્લીશ દારૂની બોટલો નંગ ૫૨૩૨ કિંમત ૧૩,૭૫,૨૦૦નો જથ્થો મળી આવતા કબ્જે કર્યો હતો. જો કે રેઇડ દરમિયાન દારૂનો જથ્થો ઉતારનાર અશોકકુમાર રામસ્વરૂપ બિષ્નોઇ (રહે. બ્લોક નં. ૧૪૯, આસ્થા વિલેજ, જયોતી સીએનસીની સામે, મેટોડા જીઆઇડીસી, રહે. મૂળ ચીતરડી, કનોરીયા, બાડમેર, ચૌહટન, રાજસ્થાન) નામનો શખ્સ નાસી છુટતા તેની શોધખોળ હાથ ધરાઇ છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ નાસી છુટેલ અશોકકુમાર બિષ્નોઇએ ફિનાઇલનો વેપાર કરવાના બહાને આ શેડ ભાડે રાખ્યો હતો. પરંતુ તેમાં દારૂનો જથ્થો ઉતારી વેચાણ કરતો હોવાનું ખુલ્યું હતું.

લોધિકા પોલીસે અશોકકુમાર સામે ગુન્હો દાખલ કરી શોધખોળ હાથ ધરી છે.

## રાજકોટ ક્રાઈમ

### ભગવતીપરામાં જુગાર રમતા ૧૩ ઝડપાયા

રાજકોટ : શહેરમાં જુગારના કેસો કરવાની સુચના અન્વયે ક્રાઈમ બ્રાંચ પીઆઈ વાય બી જાડેજા અને ટીમે ભગવતીપરામાં દરોડો પડી જુગાર રમતા રેહાનાબેન અગવાન, ઇમરાન સમા, રીયાઝ સૈયદ, મામદ ઠેબા, સાગર મકવાણા, શૈલેશ ગોહેલ, કસમ સમા, બશીર સોરા, હશનશાહ સરવદી, જયેશ રાઠોડ, સંજય પરમાર, અમીન શીશાંગીયા અને યોગેશ ડાભીને દબોચી લઇ ૩૧.૪૭૦ની રોકડ કબજે કરી છે.

### દારૂ સાથે શખ્સ ઝડપાયો

રાજકોટ : શહેરમાં દારૂની હેરાફેરી ઉપર વોંચ રાખવાની સુચના અન્વયે બી-ડીવીઝન પોલીસે કુવાડવા રોડ પર આવેલ ગુજરાત ગુડ્સ સર્વિસ નામના ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં દરોડો પાડી વિવિધ બ્રાંડના ૧,૦૨,૩૦૦ના દારૂ સાથે રૈયા ચોકડી પાસે રહેતા ભરત રમેશ સિદ્ધપુરાને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વૃધ્ધાએ એસિડ પી જિંદગી ટૂંકાવી

રાજકોટ : શહેરના સહકાર રોડ પર નારાયણનગરમાં રહેતા લીલાબેન ગુણવંતભાઈ બાલીયા (ઉ.૫૨)એ એસીડ પી લેતા હોસ્પિટલે ખસેડાતા ટુકી સારવારમાં મોત થયું હતું ભક્તિનગર પોલીસે તપાસ કરતા માનસિક તણાવથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું અને સંતાનમાં બે દીકરા હોવાનું જાણવા મળ્યું છે.

### યુવકનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ : શહેરના રૈયા ૧૦૦ વારિયા પ્લોટમાં રહેતા રાહુલ વિરમભાઇ મેરિયા (ઉ.૩૦)એ પોતાના ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં રાહુલ અગાઉ ડ્રાયવિંગ કામ કરતો હોવાનું અને છેલ્લા થોડા સમયથી કોઈ કામ ન કરતો હોવાનું જાણવા મળ્યું છે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

### ૧૦૦ કિલો ભંગારની ચોરી કરનાર ત્રિપુટી ઝબ્બે

રાજકોટ : શહેરના નટરાજ ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં આવેલ કારખાના પાસેથી ૧૦૦ કિલો છોલની ચોરી અંગે ફરિયાદ નોંધાતા આજી ડેમ પોલીસ મથકના પીઆઈ વી.જે. ચાવડા અને ટીમે ગુનામાં સંડોવાયેલ રાજકોટના સંજય શંભુ ચુડાસમા, સંજય ગીરીશ સોલંકી અને ભાવનગરના અજય ભરત સોલંકીને ઝડપી લઇ ૧૦૦ કિલો છોલ, એક છકડો રીક્ષા અને એક ફોન સહીત ૫૬,૫૦૦ની મતા કબ્જે કરી છે.

### યુવકનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ : મૂળ યુપીનો હાલ સોલ્વન્ટના ગુલાબનગરમાં રહેતો રાહુલ ઉમેશભાઈ ચૌહાણ (ઉ.૧૮)એ રાત્રે ઘરે રૂમમાં પંખામાં સાડી બાંધી ફાંસો ખાઈ લેતા મોટોભાઈ દીપકે દરવાજો ખખડાવવા છતાં નહીં ખુલતા અંદર જોતા લટકતો મૃતદેહ જોઈ દેકારો મચાવ્યો હતો આપઘાતની જાણ થતા તાલુકા પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો મૃતક કરીયાણાની દુકાને બેસી માતા ભાઈને મદદરૂપ થતો હતો આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

### બાઈક સ્લીપ થતા યુવકનું મોત

રાજકોટ : શહેરના રામ પાર્કમાં રહેતા હાર્દિકભાઈ ડાયાભાઇ વસોયા (ઉ.૨૯) ગત રાત્રે આજી ડેમ ચોકડી તરફ બાઈક લઈને જતા હતા ત્યારે બાયપાસ રીંગ રોડ પાસે બાઈક સ્લીપ થતા ગંભીર ઈજા થતા હોસ્પીટલે ખસેડાયો હતો અહીં સારવાર દરમ્યાન મોત થતા આજી ડેમ પોલીસના એએસઆઈ વી.બી. સુખાનંદીએ તપાસ કરતા મૃતક બે ભાઈમાં મોટો અને અપરણીત હોવાનું જાણવા મળ્યું છે.

### ગોપાલ પાર્કમાં બંધ મકાનમાં ચોરી

શહેરના ગોપાલ પાર્કમાં જય મુરલીધર નામના મકાનમા રહેતાં નિવૃત્ત મિલેટ્રીમેન કલ્પેશભાઇ વીરાભાઇ લોખીલ (ઉં.વ.૩૮)ના મકાનમાં ચોરી થયાની જાણ થતાં માલવીયાનગર પોલીસે ઘટનાસ્થળે પહોંચી ડોગ સ્કવોડની મદદથી તપાસ શરૂ કરી હતી. કલ્પેશભાઇ લોખીલે જણાવ્યું હતું કે, પોતે ગત ડિસેમ્બર મહિનામાં મિલેટ્રી સેવામાંથી નિવૃત્ત થયા છે. ગઇકાલે રવિવારની રજા હોઇ પોતે તથા પોતાના ભાઇના પરિવારના સભ્યો મળી બગદાણા અને ઉંચા કોટડા સહિતના ધાર્મિક સ્થળોના દર્શન કરવા માટે વહેલી સવારે ઘરને તાળા લગાવીને નીકળ્યા હતાં.

## ડ્રગ્સની કુટેવથી દૂર રહોઃ વિદ્યાર્થીઓને પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવની હાકલ



**ડ્રગ્સ તથા નશીલા પદાર્થનું સેવન ફકત તમને જ નહી, તમારા પરિવારને પણ બરબાદ કરે છેઃ ડીસીપી પાર્થરાજસિંહ ગોહીલ**

### ઈન્ટરનેશનલ ડે અગેઈન્સ્ટ ડ્રગ એબ્યુઝ એન્ડ ઈલીસીટ ટ્રાફીકીંગ અંતર્ગત આત્મીય કોલેજમાં ડ્રગ્સ વિરોધી જાગૃતિ અભિયાન સેમિનાર યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા., ૨૮

આર્થિક, શારિરીક, સામાજીક, પાયમાલી નોતરતી ડ્રગ્સની કુટેવથી દુર રહેવા વિદ્યાર્થીઓને પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે હાકલ કરી હતી. ગઇકાલે તા.૨૬ જુનના આંતરરાષ્ટ્રીય કક્ષાએ ડ્રગ્સ અને નશીલા પદાર્થો સામે ચાલી રહેલી ઝુંબેશનો દિવસ ઇન્ટરનેશનલ ડે અગેઇન્સ્ટ ડ્રગ એબ્યુઝ એન્ડ ઇલીસીટ ટ્રાફીકીંગ હતો. આ સંદર્ભે વિદ્યાર્થીઓને જાગૃત કરવા આત્મીય કોલેજમાં યોજાયેલા સેમિનારને પો.કમિશનર ભાર્ગવ સંબોધી રહ્યા હતા. નવનિયુકત પોલીસ કમિશનર ભાર્ગવે પોતાના હોદ્દાનો ચાર્જ સંભાળતાની સાથે જ નશીલા દ્રવ્યો સામેની ઝુંબેશ ચલાવવા આદેશ કર્યો હતો. માધ્યમો સાથેની વાતચીતમાં યુવાનોને અંધકારની ગર્તામાં ધકેલી દેતી આ કુટેવ સામે ભારોભાર ચિંતા વ્યકત કરી પોલીસ દ્વારા ડ્રગ પેડલરો સામે સખ્ત કાર્યવાહીનો નિર્દેશ પણ આપ્યો હતો.

રાજકોટ શહેરમાંથી નાર્કોટીકસની બદી સંપૂર્ણ નેસ્તનાબુદ કરવા માટે શહેરના યુવાધનમાં આ દુષણ પ્રવેશે નહિ તે માટે જાગૃતતા કેળવવા આત્મીય કોલેજમાં આ સેમિનારનું આયોજન ડીસીપી પાર્થરાજસિંહ ગોહીલના માર્ગદર્શન હેઠળ સ્પેશ્યલ ઓપરેશન ગૃપ દ્વારા કરવામાં આવ્યું હતું. સેમીનારમાં ૫૦૦થી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. જેમને ડ્રગ્સ સેવનથી થતી ગંભીર નુકશાનીઓથી અવગત કરી આ કુટેવથી દુર રહેવા સમજાવાયા હતા. સેમિનારને પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, ડીસીપી પાર્થરાજસિંહ ગોહીલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પુર્વ વાઇસ ચાન્સેલર વિજય દેશાણી, વિરાણી સાયન્સ કોલેજના પ્રિન્સીપાલ કે.ડી.લાડવા, આત્મીય કોલેજ રાજકોટના ડો. મીનુભાઇ જસદણવાલા અને મૌલીકભાઇ ગોંધીયાએ સંબોધ્યા હતા.

આવતી ૧૨મી જૂનથી ૨૬ જૂન દરમિયાન પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના માર્ગદર્શન હેઠળ એસઓજીના પીઆઇ જે.ડી.ઝાલા દ્વારા જુદી-જુદી શાળાઓ અને કોલેજમાં ડ્રગ વિરોધી જાગૃતી અભિયાન હાથ ધરાયું હતું. ઇન્દુભાઇ પારેખ એન્જીનીયરીંગ કોલેજ, કાલાવડ રોડ, ક્રાઇસ્ટ સ્કુલ એન્ડ કોલેજ, મુંજકા, ડીએચ કોલેજ ડો.યાજ્ઞીક રોડ અને આઇસીઇ કલાસીસ એસ્ટ્રોન ખાતે આ દિવસો દરમિયાન તબક્કાવાર સેમિનારો અને જાગૃતી ફેલાવતા નાટકો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કોઠારીયા રોડ, આનંદનગર ખાતે આવેલી શુભમ સ્કુલના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ સાથે મળી વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી શહેરના જુદા-જુદા માર્ગો ઉપર ફરી ડ્રગ્સ સેવનને કારણે થતા નુકશાનોથી માહિતગાર કરતા બેનરો સાથે ફરી હતી. આ ઉપરાંત રાજકોટ મ્યુ. કોર્પોરેશન દ્વારા શહેરમાં લગાવવામાં આવેલા તમામ સ્ક્રીનો ઉપર ડ્રગ્સ વિરોધી સ્લાઇડો પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

## જસદણમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં કાયદાકીય માર્ગદર્શન કેમ્પ યોજાયો

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૨૮

જસદણમાં આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય ખાતે બહેનો માટે કાયદાકીય-કાનૂની માર્ગદર્શન તેમજ હ્યુમન રાઇટ્સ અને મહિલા અને બાળ વિકાસ સંગઠન સંસ્થાની માહિતી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં શહેરના યુવા એડવોકેટ અને જસદણ ન્યાયાલયના લીગલ વિભાગના પેનલ એડવોકેટ અને પોલીસ સમન્વયના લીગલ એડવાઈઝર પ્રકાશ પ્રજાપતિ દ્વારા માહિતી - માર્ગદર્શન આપવામાં આવેલ અને આ સંસ્થાના સંચાલક ભાવનાદીદી તેમજ બહેનો દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબો પણ આપવામાં આવેલ હતા. આ ઉપરાંત કાયદાકીય કાનૂની માહિતી - માર્ગદર્શન માટે મો. (૯૮૨૪૨ ૨૧૪૪૬) પર સંપર્ક કરવા એડવોકેટ પ્રકાશ પ્રજાપતિએ તેમની યાદીમાં જણાવેલ છે.(૧૩)

### જગન્નાથજીની રથયાત્રા અંતર્ગત તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં

## ક્રાઈમ બ્રાન્ચનું ફુટ પેટ્રોલિંગ અને કોમ્બિંગ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ શહેરમાં જગન્નાથજી ભગવાનની રથયાત્રા અષાઢી બીજે નિકળનારી હોઈ તે અંતર્ગત શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ તેમજ કોમ્બિંગ કરવામાં આવ્યું હતું. શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, સંયુક્ત પોલીસ કમિશનર ખુરશીદ અહેમદની રાહબરીમાં આગામી દિવસોમાં બંદોબસ્તની સ્કીમ ઘડી કાઢવામાં આવશે. ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ડી.વી. બસિયાની રાહબરીમાં પીઆઇ વાય.બી. જાડેજા, પીઆઇ જે.વી. ધોળા, પીએસઆઇ એમ. જે. હુણ, પીએસઆઇ કે. ડી. પટેલ સહિતની ટીમોએ પેટ્રોલિંગ અને કોમ્બિંગ કર્યુ હતું.


**Rajkot Municipal Corporation**
**e-Tender Notice**

Rajkot Municipal Corporation, ENGINEERING DEPARTMENT, WEST ZONE, Shri Harisinhji Gohil Bhavan, 150 ' Ring Road, Rajkot-360005 invites e-Tenders on percentage rate basis with two bid system from experienced contractors registered in appropriate class with GWSSB OR State / Central Government for the work detailed below:

| Sr | Name of work |
|---|---|
| 1 | PROVIDING, SUPPLYING, LOWERING, LAYING, JOINTING D.I. PIPELINE NETWORK AT REMAINING AREA NR.SARVODAYA SCHOOL ON 80 FT PUNIT NAGAR ROAD IN WARD NO.12 (RETENDER) **(ECV Rs.82,30,000/-)** |

The last date for downloading and submission of online e-Tenders at www.rmc.nprocure.com is 08/07/2022. For more details please visit http://www.rmc.gov.in/rmcwebsite/tender.aspx.

**City Engineer**


## શ્રી દ્વારકાધીશ મંદિરે શુક્રવારે સાંજે રથયાત્રા ઉત્સવ ઉજવાશે



દ્વારકા, તા., ૨૮: અષાઢી બીજ શુક્રવારે રથયાત્રા ઉત્સવ નિમિતે શ્રી દ્વારકાધીશ મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે.આગામી તા.૧-૭-૨૦૨૨ને શુક્રવારને અષાઢ સુદ ૨ (અષાઢી બીજ)ના દિવસે શ્રી દ્વારકાધીશ મંદિરમાં રથયાત્રા ઉત્સવ હોવાથી શ્રીજીના દર્શનનો સર્વે દર્શનાર્થીઓએ લાભ લેવા જણાવ્યું છે. જેમાં તા.૧ને શુક્રવાર સવારનો ક્રમ નિત્યક્રમ મુજબ સાંજનો ક્રમ રથયાત્રા ઉત્સવ દર્શન સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી ત્યારબાદ નિત્યક્રમ મુજબ રહેશે તેમ વહીવટદાર શ્રી દ્વારકાધીશ મંદિર દ્વારકા અને પ્રાંત અધિકારી દ્વારકાએ જણાવ્યું છે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

**RECRUITMENT**

**DESIGNATION**
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

**EXPERIENCE**
Experienced / Freshers

**WORKING HOURS**
8 Am To 6 Pm

**WALK IN INTERVIEW**
Monday to Saturday
10 am to 7 pm

**ADDRESS**
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

## ઈસ્કોન મંદિર આયોજીત અષાઢી બીજની રથયાત્રાની તૈયારીને અપાતો આખરી ઓપ

# રાજકોટના રાજમાર્ગો પર 'જય જગન્નાથ' નો નાદ ગુંજતો કરવા થનગનાટ



**રશિયા-યુક્રેનના ૧૦ વિદેશી ભાવિકો 'હરે કૃષ્ણ' મહામંત્રના કીર્તન પર રાજકોટવાસીઓને મંત્રમુગ્ધ કરશે**

**રથયાત્રાના રૂટ ઉપર ભાવિકોને પ્રસાદ આપવા 3000 કિલો બુંદીના ૬૦ હજાર પેકેટ તૈયાર**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

અષાઢી બીજને હવે ગણતરીના દિવસો બાકી છે. શહેરમાં ઇસ્કોન મંદિર દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ઇસ્કોન મંદિર રાજકોટ દ્વારા જગન્નાથ રથયાત્રા કાઢવામાં આવશે. આ વર્ષે રથયાત્રાને લઇને રાજકોટવાસીઓમાં અનેરો ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઇસ્કોન મંદિર, રાજકોટના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજી જણાવે છે કે, વામન પુરાણમાં જણાવાયું છે કે જે કોઈ વ્યક્તિ ભગવાન જગન્નાથના રથનું દોરડું ખેંચે છે અથવા દોરડાને સ્પર્શ પણ કરે છે તો તેના જન્મો જન્મના પાપ નષ્ટ થાય છે. જે કોઈપણ રથ પર બિરાજેલા ભગવાન શ્રી જગન્નાથના એકવાર પણ દર્શન કરે છે તેનો પુનર્જન્મ થતો નથી. આ વર્ષે રથયાત્રા ઉત્સવ ખૂબ જ ધામધૂમથી અને ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. ઈસ્કોન મંદિરને આકર્ષક લાઈટથી શણગારવામાં આવેલ છે. ભગવાનના રથને ફૂલોની લારથી શણગારવામાં આવશે અને રાત્રે ભગવાનના રથ પર દર્શન સારી રીતે થઇ શકે એ હેતુથી વિશેષ લાઈટ દ્વારા રોશનીયુક્ત કરવામાં આવશે. રથયાત્રા જયારે શહેરના રાજમાર્ગો પરથી પસાર થાય ત્યારે શહેરીજનોને પ્રસાદના ભાગરૂપે બુંદીનું વિતરણ કરવા માટે 3000 કિલો બુંદી તૈયાર કરવામાં આવી છે. જે બુંદીના આશરે ૬૦ થી ૭૦ હજાર પેકેટ ભકતો તેમજ સ્વયંસેવકો દ્વારા તૈયાર કરવામાં આવશે. આ ૬૦ થી ૭૦ હજાર બુંદીના પેકેટનું વિતરણ શહેરના રાજમાર્ગો પર રથના દર્શન કરતા દર્શનાર્થીઓને કરાશે.

આ રથયાત્રા દરમિયાન મુખ્ય અતિથિ તરીકે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગુજરાત રાજ્યના કેબિનેટ વાહનવ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણી, મેયર પ્રદીપભાઈ ડવ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, સાંસદ મોહનભાઇ કુંડારીયા, ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, ગોવિંદભાઇ પટેલ, રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુ, મ્યુન્સીપલ કમિશનર અમિત અરોરા, પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જિલ્લા પંચાયત પ્રમુખ ભુપત ભાઈ બોદર, પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, પૂર્વ મેયર કોર્પોરેટર રણજીતભાઇ સાગઠીયા, રાજકોટ પ્રદેશ ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેસાની હાજર રહેશે.

અષાઢી બીજના કાર્યક્રમની શરૂઆત સવારે ૪:૩૦ વાગે વિશેષ મંગળા આરતીથી કરવામાં આવશે. ૮:૩૦ વાગે વિશેષ શ્રુંગાર દર્શન અને ૯ વાગે ભગવાન જગન્નાથને ૫૬ ભોગ અર્પણ કરવામાં આવશે. સવારે ૧૦ વાગે મંદિરના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજી દ્વારા જગન્નાથ કથા પર પ્રવચન આપવામાં આવશે. રથયાત્રાની શરૂઆત બપોરે ૪ કલાકે રામકૃપા ડેરી કોટેચા ચોક ખાતેથી શરૂ થશે અને ઇન્દિરા સર્કલ, પંચાયત ચોક, આકાશવાણી ચોક, જે. કે. ચોક, પુષ્કરધામ ચોક થઇ કાલાવડ પર આવશે જ્યાં એજી ચોક, જ્યુસ રેસ્ટોરન્ટથી કટારીયા સર્કલ થઇ ઇસ્કોન મંદિરએ આવશે. દરેક મુખ્ય ચોક પર ભગવાન જગન્નાથની આરતી કરવામાં આવશે. રથયાત્રા દરમિયાન સંપૂર્ણ માર્ગમાં હરે કૃષ્ણ મહામંત્રનું કીર્તન કરવામાં આવશે અને વાજતે ગાજતે અને નાચતે ભગવાન જગન્નાથને નગરચર્યા કરાવવામાં આવશે. રાત્રે ૮ વાગ્યાથી મંદિરમાં સૌ દર્શનાર્થીઓ ભંડારા પ્રસાદ શરૂ થઇ જશે.

**રથયાત્રાના આગલા દિવસે થશે સાફ-સફાઈ**

આપણે સૌ જાણીએ છીએ કે રથયાત્રાના આગલે દિવસે મંદિરની સાફ સફાઈનું વિશેષ મહત્વ છે જેને ગુંડિચા માર્જન કહેવામાં આવે છે. ૩૦ જૂને મંદિરમાં ગુંડિચા માર્જન એટલે કે વિશેષ સાફ સફાઈ કરવામાં આવશે માટે જે કોઈએ ગુંડિચા માર્જનમાં અથવા બુંદીના પેકેટ બનાવવાની સેવામાં સહભાગી થવું હોય તેઓએ ૯૮૯૮૧૬૫૩૫૮ પર શ્રદ્ધાવાન દાસનો સંપર્ક કરવો.

### રાજકીય-સામાજીક અગ્રણીઓની ૨૦૦૦ નોટબુકથી કરાઈ તુલા

## 'સ્વ.રતિભાઈ બોરીચા ચોક' ની નામકરણ વિધિ સંપન્ન

### દીકરીઓના લાભાર્થે યોજાયેલા લોકડાયરામાં જનમેદની ઉમટી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેરના મવડી મેઈન રોડ, આનંદ બંગલા ચોકથી લક્ષ્મીનગર મેઈન રોડ તરફ જતા મેંગો માર્કેટ વાળી જગ્યાને સ્વ.રતિભાઈ બોરીચા ચોક નામકરણ અનાવરણ પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તથા આજના કાર્યક્રમના પ્રમુખ સ્થાને બીરજમાન ઉદયભાઈ કાનગડ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મેયર ડો.પ્રદિપભાઈ ડવ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, રાજ્યસભાના સાસદ રામભાઈ મોકરીયા, ગુજરાત પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ ભરતભાઈ બોધરાના ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, ડે.મેયર દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કરભાઈ પટેલ, વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિહંજી વાળા, અગ્રણી ઉદ્યોગપતિ શંભુભાઈ પરસાણા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે વરસાદનું વાતાવરણ હોવા છતાં લોકડાયરામાં પુનમબેન ગોંડલીયા, તેમજ રાજભા ગઢવીને સાંભળવા જનમેદની ઉમટી પડી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવા માટે સ્વ. રતિભાઈ રામભાઈ બોરીચા પરીવારના વૈભવભાઈ રાજુભાઈ બોરીચા, ચેતનભાઈ બોરીચા, જીજ્ઞેશભાઈ બોરીચા, અમરીશભાઈ બસીયા, દિનેશકુમાર ડાંગર, રવિકુમાર વાંક, વિપુલકુમાર વાંક, મનોજકુમાર બસીયા, રોહિતભાઈ બોરીચા, સંજયભાઈ બસીયા, સાગરભાઈ બોરીચા, અરવિંદભાઈ મુરાશીયા, પરેશભાઈ સીતાપરા, કિશોશભાઈ પરમાર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

તમામ પદાધિકારીઓના ઋણ સ્વીકારમાં ૨૦૦૦ નોટબુકથી તુલા કરવામાં આવી હતી. લોકડાયરામાં પ્રથમ વખત ઘોર કરવા (પૈસા ઉડાડવા) ની મનાઈ રાખવામાં આવી હતી અને આ પ્રસંગે જે અનુદાન મળ્યું હતું તે અનુદાનમાંથી સુકન્યા સમૃધ્ધિ યોજનામાં ૦ થી ૭ વર્ષની દીકરીઓના પોસ્ટમાં બચત ખાતા ખાલવામાં આવશે અને એ ખાતાની પાસબુક દીકરીઓના માતા-પિતાને પહોંચાડવામાં આવશે.

## દૂરદર્શન ગિરનાર પર કાલે અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે કાર્યક્રમ



**કોલમિસ્ટ-પત્રકાર પ્રશાંત બક્ષી દ્વારા જાણી-અજાણી માહિતી રજૂ કરાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

ભારતની આઝાદીના ૭૫ વર્ષ એટલે આઝાદીનો અમૃત મહોત્સવ ભારત દેશની આઝાદીમાં ઘણા ક્રાંતિવીર - વિરાંગનાઓએ લોહીની નદીઓ વહાવી છે. આપણે જાણીએ છીએ કે કેવી રીતે સ્વતંત્રતા સેનાનીઓએ ભારતીય સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન તેમના જીવનનું બલિદાન આપ્યું. પરંતુ એવા ઘણા ક્રાંતિકારીઓ છે જેમના વિશે આપણામાંથી મોટાભાગના લોકો જાણતા પણ નથી. આવા અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે જાણીતા કોલમિસ્ટ-પત્રકાર પ્રશાંત બક્ષીએ અદભૂત માહિતી રજુ કરી છે. જેનું આવતીકાલે એટલે કે, તા.૨૯ ને બુધવારે બપોરે ૧:૩૦ કલાકે દૂરદર્શન ગિરનાર (ડીડી ગિરનાર) પર પ્રસારણ થશે જ્યારે તેનું પુનઃપ્રસારણ તા.૩૦ ને ગુરૂવારે સવારે ૧૦:૩૦ કલાકે થશે.

આ કાર્યક્રમ ભારતના અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓનું નિર્માણ રાજકોટ દૂરદર્શન કેન્દ્રના કાર્યક્રમ નિર્માતા સંજયભાઇ સાગઠિયાએ કર્યું છે. જ્યારે કોલમિસ્ટ-પત્રકાર પ્રશાંત બક્ષીની મુલાકાત પત્રકાર-કલાકાર તેજસભાઇ શીશાંગિયાએ લીધી છે.

## હૂરનિશા દલનો આજે જન્મદિવસ



રાજકોટ: શહેર ભાજપ કોષા અધ્યક્ષ અનવરભાઈ ઇસ્માઈલભાઇ દલની પૌત્રી હૂરનિશા રમજાનભાઈ દલનો આજે જન્મદિવસ છે. તેણીએ ત્રણ વર્ષ પૂર્ણ કરી ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. પપ્પા રમજાનભાઈ, મમ્મી સમીમબેન, દાદા અનવરભાઈ, દાદી હમીદાબેન, નાના અલીભાઈ, નાની હનીફાબેન તેમજ સગા સ્નેહીઓ તરફથી જન્મદિવસની શુભેચ્છાઓ વરસી રહી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી હૂરનિશાને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

## ચંદુભાઈ રાજયગુરૂ બ્રહ્મસેનાના મંત્રીનો આજે જન્મદિવસ



રાજકોટ: સમાજ સેવા અને ગૌ સેવાને જીવનનો મંત્ર બનાવી સેવારત બ્રહ્મસેના (સૌરાષ્ટ્ર ગુજરાત) ના મંત્રી અને વૃંદાવન ગૌશાળાના પ્રમુખનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિવસ પર બ્રહ્મસેનાના હોદ્દેદારો તેમજ પરિવાર પાસેથી શુભેચ્છા વર્ષા થઈ રહી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલય પરિવાર તરફથી ચંદુભાઈ રાજયગુરૂને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...(૧૩)

## સાહિલ સોલંકીનો આજે જન્મદિવસ



રાજકોટ: રાજકોટ આત્મીય શાળામાં ધો.૯ માં અભ્યાસ કરતા અને તેજસ્વી વિદ્યાર્થી તરીકે સાથી વિદ્યાર્થીઓમાં અને શિક્ષકગણમાં લોકપ્રિયતા ધરાવતા સાહિલ અશોકભાઈ સોલંકીનો આજે જન્મદિવસ છે. આયુષ્યના ૧૪ વર્ષ પૂર્ણ કરી સાહિલે ૧૫ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ શુભ પ્રસંગે માતા-પિતા, મોટી બહેનમાં આનંદનો પાર નથી. સહુએ સાહિલને હૃદયપૂર્વક દીર્ઘઆયુષ્યની શુભેચ્છા પાઠવી છે. પરિવારજનો અને મિત્ર તરફથી શુભેચ્છાનો વરસાદ થઇ રહ્યો છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પણ સાહિલને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવે છે.

## જાણીતા પત્રકાર જીજ્ઞેશ કાલાવડિયાનો આજે જન્મદિવસ



રાજકોટના જાણીતા પત્રકાર-તંત્રી અને જ બહુ આયમી વ્યક્તિત્વ ધરાવતાં જિજ્ઞેશ કાલાવડિયાનો આજે જન્મદિવસ છે. પોતાના યશસ્વી જીવનમાં ૪૫ વર્ષ પૂર્ણ કરી ૪૬ માં વર્ષમાં પ્રવેશ કરનાર જિજ્ઞેશ કાલાવડિયા યુવા વયથી જ સૌરાષ્ટ્રમાં જાણીતું નામ બની ગયા હતા. માત્ર ૨૪ વર્ષની યુવાવસ્થામાં તંત્રી તરીકે કામગીરી બજાવી પત્રકારત્વ ક્ષેત્રમાં સફળ કામગીરી ઉપરાંત ભ્રષ્ટાચાર વિરોધી અનેક અભિયાનો સાથે જોડાયેલા રહ્યા છે. હવે તેઓ આગામી સમયમાં માત્ર સ્થાનિક રાજકીય પક્ષના માધ્યમથી રાજનીતિમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે. તેમના જન્મદિવસ પર તેમના મોબાઈલ નંબર ૯૮૨૫૦૨૦૦૬૪ પર સ્નેહીજનો શુભેચ્છા સંદેશ પાઠવી રહ્યા છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### ૨૦૨૧-૨૨ સુધીમાં હજુ ૨૪૭૦ બાળકો અને કિશોરોનો અત્તોપત્તો નથી

૧૫.૫ ટકા એવી હતી. તરૂણ છોકરાઓની સંખ્યા ૧૧.૪ ટકા અને તરૂણીઓની સંખ્યા ૫૮.૨ ટકા જેવી ઉંચી જોવા મળી છે જે બેહદ ચિંતાજનક સામાજીક સમસ્યાનો નિર્દેશ કરે છે. ૨૦૨૧-૨૨ નાં સતાવાર આંકડા મુજબ ૨૪૭૦ જેટલા ગુમ થયેલા બાળકો પૈકી ૧૪ વર્ષથી ઓછી વયનાં બાળકોની સંખ્યા ૧૮.૩ ટકા રહી છે. જયારે ૧૪ વર્ષથી ઓછી વયની ગુમ બાળાઓની સંખ્યા ૧૯.૩ ટકા રહી છે. ૧૪ વર્ષથી ઉપરનાં ગુમ તરૂણોની સંખ્યા ૧૦.૭ ટકા અને ગુમ કન્યાઓની સંખ્યા સૌથી વધુ ૫૧.૫ ટકા રહી છે. ગુમસુદા બાળકોનાં તલાશ અભિયાન સાથે જોડાયેલા એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે, ઘરમાં અલગ-અલગ મુદ્દાઓ પર માતા-પિતા કે વાલીઓ તરફથી થતા દબાણ અને આંધળા પ્રેમ સંબંધથી પ્રેરાઈને કન્યાઓ ઘર છોડી દયે છે. સતાવાર ધોરણે હાથ ધરાયેલા અભ્યાસમાં એવું બહાર આવ્યું છે કે, મોટાભાગની બાળાઓ પ્રેમ પ્રકરણને કારણે નાસી જતી હોય છે. આમાંથી મોટા ભાગની કન્યાઓને પોલીસ શોધી શકી છે અને એમના પરિવારો સાથે પુનઃ મિલન કરાવ્યું છે. ફ્રેન્ડસ ફોર વિમેન એન્ડ ચિલ્ડ્રન સંસ્થાનાં સંયોજક પીયુષ શાહ જણાવે છે કે, ૧૪ વર્ષથી ઓછી વયનાં બાળકો ઘરેલું ઝઘડા, માં-બાપ યા વાલીઓ તરફથી પડતો માર, અભ્યાસ અને કામકાજ બાબતનાં ઠપકા વગેરે કારણોસર ઘર છોડી ગયાનું બહાર આવ્યું છે. ઘણી વખત બાળકો પાછા આવી ગયા છતાં પોલીસને વાલીઓ જાણ કરતા નથી. એટલે એ બધા કેસની ફાઈલ ખુલ્લી રહે છે. ઘણીવખત કારમી ગરીબીને કારણે પણ આવા પરિવારોનાં સંતાનો કોઈને કોઈ વ્યસનનો શિકાર બની ઘરથી દૂર ચાલ્યા જતા હોય છે. ગુમ થનારા સગીરોની સંખ્યાની દ્રષ્ટિએ સુરત મહાનગર રાજ્યમાં ટોચ પર છે. ગુમ થયેલા અને હજુ મળી ન આવેલા ૨૪૭૦ બાળકોમાંથી ૭૨૪ સુરતનાં છે. છેલ્લા ૧૫ વર્ષ દરમ્યાન સુરતમાંથી જ ૯૭૫૬ સગીર-સગીરા ગુમ થયા છે. સુરતમાં બહારનાં રાજ્યનાં લોકોની મોટી વસ્તી છે એટલે ઘણી વખત તરુણો અન્ય રાજ્યમાં ચાલ્યા જતા હોય છે. ગુમ બાળકોની સંખ્યાઅ બીજા ક્રમે અમદાવાદ છે. ત્યાંથી ૨૬૨ બાળકો ગુમ થયા છે જે હજુ મળી આવ્યા નથી. સામાજીક સમસ્યાઓ ઉપરાંત ગરીબી, પારિવારિક કલહ, પ્રેમ પ્રકરણો જેવા અનેક પરિબળો ગુમસુદા બાળકોનાં ઘર છોડવા પાછળ કારણભૂત મનાઈ છે. આ સમસ્યાઓ અંગે વાલીઓએ ગંભીરતાથી આત્મ નિરીક્ષણ કરવું પડશે.(૨.૧૨)

### ગુજરાતમાં નગરો-મહાનગરોની જનસુખાકારી માટે રૂ.૫૧૦૦ કરોડ ફાળવતા મુખ્યમંત્રી

૮ મનપાનાં આઉટગ્રોથ વિસ્તારનાં વિકાસ માટે રૂ.૨૩૮ કરોડ અપાશે. અર્બન ડેવલોપમેન્ટ મિશનને મનપા અને નપા વિસ્તારોમાં ભૂગર્ભ ગટર, પાણી પુરવઠા, નળથી જળ કાર્યક્રમ, મુખ્યમંત્રી બસ પરિવહન સુવિધા અને નપાઓને સંચાલન અને નિભાવણી ખર્ચ માટે ફંડ આપવા રૂ.૧૨૯૪ કરોડ ફાળવવામાં આવનાર છે. રાજ્યની સ્થાપનાની સ્વર્ણિમ જયંતી વર્ષથી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મુકાયેલી છે. જેના માટે ૨૦૦૯ થી અત્યાર સુધીમાં રાજ્ય સરકારે કુલ રૂ.૪૪૧૦૨ કરોડની ફાળવણી કરી છે.(૨.૧૨)

### મેક્સિકોથી અમેરિકા જવાના પ્રયાસમાં ૪૬ લોકો ટ્રકમાં ગૂંગળાઈ મર્યા

પાસેનાં સાન એન્ટોનિયો શહેર સુધી પહોંચાડીને ટ્રક ચાલક નાસી ગયો હતો. પોલીસે તપાસ કરતા બંધ ટ્રકમાંથી ૪૬ લોકોનાં મૃતદેહો મળી આવ્યા હતા. ૪ બાળકો સહિત અન્ય ૧૬ લોકોને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. આ શહેર ટેક્સાસ અને મેક્સિકોની સરહદથી ૨૫૦ કિમી દૂર આવેલું છે. ટેક્સાસનાં ગવર્નર ગ્રેંગ એબટે આ કરૂણ ઘટના માટે રાષ્ટ્રપ્રમુખ જો.બાઇડનને જવાબદાર ગણાવ્યા હતા. એબટે કહ્યું હતું કે, ખુલ્લી સરહદની ઘાતક નીતિને કારણે મોત થયા છે. કેમકે અહીં ઉનાળાનાં મહિનાઓમાં તાપમાન ખૂબ વધી જાય છે. ઘટના બની ત્યારે પણ તાપમાન ૩૯ ડિગ્રીથી વધુ હતું.(૨.૧૨)

### બે વર્ષનાં ગાળા બાદ અમદાવાદમાં અભૂતપૂર્વ રથયાત્રા

સમગ્ર તંત્ર દ્વારા રથયાત્રાની સુરક્ષા માટે સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મુસ્લિમ સમાજે પણ આજે અદેકેરું સ્વાગત કર્યું છે. તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી છે.ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં જંગી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને સેંકડો પોલીસ કર્મીઓ તૈનાત રહેશે. ૧૦ લાખથી વધુ ભાવિકો ઉમટી પડે તેવી શક્યતા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ અમદાવાદ આવી રહ્યા છે. રથયાત્રાનાં પ્રારંભે જગન્નાથ મંદિરમાં યોજાનારી મંગળા આરતીમાં અમિત શાહ સહપરિવાર જોડાશે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### રાજકોટની પ્રજાની ઈ-મેમો સમસ્યા ઉજાગર કરવા એનએસયુઆઈ-યુવા કોંગ્રેસની સાઈકલ રેલી

માહિતી નથી. અત્યારે તો ચારેબાજુ રસ્તા ખોદેલા છે, ઓવરબ્રિજ અધુરા બનેલા પડ્યા છે, ચારેતરફ ડાયવર્ઝન કાઢીને પ્રજાને બાનમાં લેવામાં આવી છે. દરરોજ ટ્રાફિકજામ સર્જાઈ છે, રાજકોટનો એકપણ રસ્તો ખાડા અને ઢોરનાં ત્રાસથી મુક્ત નથી. સરકાર વેરો વસુલે છે તેમ પ્રજાને તમામ સવલતો આપવાની જવાબદારી પણ સરકારની હોય. આગેવાનોએ નિવેદનમાં એવું પણ જણાવ્યું છે કે, ગરીબ કે મધ્યમ વર્ગનો નાગરિક કારખાનામાં કામ કરે યા રીક્ષા ચલાવે છે યા લારી ઉભી રાખી રોજના માંડ રૂપિયા ૫૦૦ પણ કરાતો નથી. ત્યારે તંત્ર તેને રૂ.૫૦૦ થી રૂ.૨૫૦૦ ઈ-મેમો ફટકારે છે. તંત્ર દ્વારા લોકઅદાલતમાં ૨૫ હજાર એનસી કેસ દાખલ કરાયા છે. પણ જનતા એ ભરી શકે તેમ નથી. સરકાર ઉદ્યોગપતિઓનાં કરોડોનાં દેણા માફ કરતી હોય તો ઈ-મેમો પણ માફ કરવા જોઈએ. નિવેદનમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, સરકારની ગુડબુકમાં અવ્વલ આવવા માટે અમૂક ભૂતકાળનાં વિવાદાસ્પદ અધિકારીઓએ ઈ-મેમો અને માસ્કનાં દંડની કામગીરીને પ્રાથમિકતા આપી હતી. ટ્રાફિક પોલીસે લોકોને નિયમોથી વાકેફ કરવા જાહેરાતો, બેનર, અખબારો થકી, જનજાગૃતિ કાર્યક્રમો આપીને લોકોને માહિતગાર કરવા જોઈએ. વન-વેમાં લોકો જતા અટકે એ માટે વન-વે નાં પ્રવેશ પર જ વોર્ડનને ઉભા રાખવા જોઈએ. આવા ઘણા વન-વે વિશે લોકો જાણતા જ નથી પરિણામે એ લોકોને ઈ-મેમો મોકલવામાં આવે છે. સરકાર અને પોલીસની પ્રાથમિકતા લોકોને અગવડ ન પડે એવી હોવી જોઈએ. પણ પોલીસને મેમો ઉઘરાવવાના ટાર્ગેટ અપાઈ તો તંત્ર તેની મૂળ અને મહત્વની કામગીરી કઈ રીતે કરે? રાજ્યનાં ગૃહમંત્રી એ અગાઉ ટકોર કરી છે છતાં ટ્રાફિકનાં વોર્ડનો વાહન ચાલકો સાથે ગેરવર્તણુંક કરે છે અને ગેરકાનૂની રીએ વાહનો રોકે છે એ બંધ થવું જોઈએ. તમામ ઈ-ચલણો રદ કરી દંડ માફ કરી દેવા અને લોક અદાલતમાં થયેલા કેસોનું ચર્ચાથી નિરાકરણ લાવવા બંને યુવા સંસ્થાઓએ માંગણી કરી છે. સાઈકલ રેલીમાં રોહિતસિંહ રાજપૂત, અભિરાજ તલાટીયા, મોહિલ ડવ, મિત બાવરીયા, સાર્થક રાઠોડ, જીત સોની, યશ ભીંડોરા, શ્યામ ડાંગર, વિજય સોલંકી વગેરે જોડાયા હતા. પોલીસે તમામ કાર્યકરોની અટકાયત કરી હતી.(૨.૧૨)

### મનપાની સ્ટેન્ડિંગઃ ૧૭.૬૨ કરોડના વિકાસના કામોને બહાલી

કામો, ૨૯.૪૪ લાખના ખર્ચે સીસીરોડ બનાવાનું કામ, ૧૯.૪૦ લાખ કોમ્યુનિટી હોલ રીપેરીંગ, ૫૦ લાખ એલઇડી ખરીદવા, ૩.૯૫ કરોડ બ્રિજની કામગીરી માટે, ૧ કરોડ મશીનરી ભાડે રાખવા, અને ૨.૮૬ લાખની આર્થિક સહાય મંજુરી સહિત કુલ ૧૭.૬૨ કરોડના વિકાસના કમોને બહાલી આપવામાં આવી હતી.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### ક્રેડિટ કાર્ડથી ૧.૧૪ લાખ કરોડનું પેમેન્ટઃ રેકોર્ડ

વર્ષે પ્રવાસન ઉદ્યોગ અસામાન્ય રીતે ખીલ્યો હતો અને તેને કારણે કાર્ડ મારફત પેમેન્ટમાં મોટી વૃધ્ધિ થયાનું માનવામાં આવી રહ્યું છે. હવાઈ સહિતનાં ભાડામાં વૃધ્ધિને કારણે રકમ પણ મોટી થઇ છે. આ સિવાય મોલ અને દુકાનોમાં પણ ખરીદી-આર્થિક પ્રવૃતિ વધી હોવાના કારણે કાર્ડ પેમેન્ટમાં વધારો થયો છે. મે મહિનામાં ૭૧૪૨૯ કરોડનો ઓનલાઇન ખર્ચ થયો હતો. જો કે તેમાં ક્રેડીટ કાર્ડ પેમેન્ટનો હિસ્સો ૪૨૨૬૬ કરોડનો હતો.

# આવતા મહિને સૌરાષ્ટ્ર-કચ્છના વકીલોનું મહાસંમેલન યોજાશે



## ભાજપ લીગલ સેલના સહ-સંયોજક તરીકે એડવોકેટ અનિલભાઈ દેસાઈની નિમણુંક થતા અભિવાદન અને સ્વાગત

## સંમેલનમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ ઉપસ્થિત રહેશે બહોળી સંખ્યામાં વકીલો ઉમટી પડશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીના ગુજરાત લીગલ સેલના સહ-સંયોજક તરીકે રાજકોટના જાણીતા સિનિયર ધારાશાસ્ત્રી એવા અનિલભાઈ દેસાઈની નિમણુંક કરવામાં આવેલ. જેને વિવિધ બાર એસોસિએશન અને વકિલોનો ખૂબ જ બહોળો પ્રતિસાદ મળેલ છે અને આ તકે ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય, રાજકોટ ખાતે લીગલ સેલની એક મહત્વની બેઠક મળેલ અને આ બેઠક દરમ્યાન રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ અર્જુનભાઈ પટેલ, સિનિયર એડવોકેટ પિયુષભાઈ શાહ, માર્કેટીંગ યાર્ડના ચેરમેન તથા એડવોકેટ જયેશભાઈ બોઘરા, આર્થિક સેલના સંયોજક તથા એડવોકેટ માધવભાઈ દવે, લીગલ સેલ રાજકોટના સંયોજક અંશભાઈ ભારધ્વાજ, સહસંયોજક સી.એચ.પટેલ, તદ્ઉપરાંત રાજકોટના સિનિયર એડવોકેટ સંજયભાઈ વ્યાસ, બિપીનભાઈ ગાંધી, મનિષાભાઈ ખખ્ખર, કમલેશભાઈ શાહ, કિરીટભાઈ પાઠક, રૂપરાજસિંહ પરમાર વગેરે સહિત બહોળી સંખ્યામાં સિનિયર એડવોકેટઓ હાજર રહેલ. આ બેઠકમાં ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રાંતના અધ્યક્ષ સી. આર.પાટીલની ઉપસ્થિતિમાં આગામી તા.૯-૭ ના રોજ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છના વકિલનું મહાસંમેલન કરવાની ઘોષણા કરેલ અને વિવિધ ચર્ચાઓ અને નિર્ણયો લેવાયેલ. આ વકિલ મહાસંમેલન B.A.P.S. સ્વામીનારાયણ મંદિર, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. આ તકે રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ જણાંવેલ કે, રાજકોટ બાર એસોસિએશનના તમામ વકિલઓ બહોળી સંખ્યામાં હાજર રહેશે. સિનિયર એડવોકેટ પિયુષભાઈ શાહે પણ વિવિધ વકિલોના સંગઠનોને બહોળી સંખ્યામાં હાજર રહે તે અર્થેનું માર્ગદર્શન આપેલ, આર્થિક સેલના એડવોકેટ માધવભાઈ દવે ધ્વારા જુદી-જુદી સહકારી બેંકના તમામ વકિલઓને આ કાર્યક્રમ અર્થે આમંત્રણ આપવાની જવાબદારી સ્વીકારેલ અને લીગલ સેલના સંયોજક અંશભાઈ ભારદ્વાજએ પણ લીગલ સેલના તમામ એડવોકેટઓ આ કાર્યક્રમને સફળ બનાવવા અર્થે તનતોડ મહેનત હાથ ધરશે અને રેવન્યુ બારના પ્રમુખ અને લીગલ સેલના સહ-સંયોજક સી.એચ.પટેલે પણ રેવન્યુ બારના તમામ એડવોકેટઓ પણ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવશે. મહિલા બાર એસોસિએશનના પ્રમુખ મહેશ્વરીબેન ચૌહાણએ તમામ મહિલા એડવોકેટઓ પણ બહોળી સંખ્યામાં હાજર રહેશે, તેવી જાહેરાત કરેલી.આ મહાસંમેલનને એક ઉત્સવની જેમ ઉજવવા સૌરાષ્ટ્ર-કચ્છના તમામ બાર એસોસિએશનના પ્રમુખઓ અને વકિલઓએ ખુબ જ મોટી સંખ્યામાં હાજર રહેવા અનેરો ઉત્સાહ અને વિશ્વાસ દાખવેલ છે.

આ સમગ્ર બેઠકનું સંચાલન એડવોકેટ કમલેશભાઈ ડોડીયા અને આભાર વિધી એડવોકેટ રક્ષીતભાઈ કલોલા દ્વારા કરવામાં આવેલ હતી. તમામ હોદેદારો, સિનિયર તથા જુનિયર એડવોકેટઓ વગેરે હાજર રહ્યા હતા.

### PMSVANIdhi યોજના હેઠળ બે દિવસમાં

# ૫૬ શહેરી ફેરીયાઓને બેંકો દ્વારા લોન સહાય મંજૂર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

ભારત સરકાર દ્વારા શેરી ફેરિયાઓ માટે **PMSVANidhi (PM Street Vendors Atma Nirbhar Nidhi)** યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી શકે તે હેતુથી પ્રથમ તબક્કામાં રૂ.૧૦,૦૦૦ સુધીની વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત મળવાપાત્ર થાય છે. તથા પ્રથમ ન પૂર્ણ થયેલ લાભાર્થીઓને રૂ.૨૦,૦૦૦ સુધીની વર્કિંગકેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત સરળતાથી મળી રહે તે માટે તા.૨૪ તથા તા.૨૫ સુધી બે દિવસ માટે લોનમંજુરી માટે મહાનગરપાલિકામાં આવેલ શ્રી રમેશભાઇ છાયા સભાગૃહમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યોજનામાં સમગ્ર રાજકોટ શહેરના હોકર્સ ઝોન તથા શહેરના છુટાછવાયા સ્થળે ફેરી કરતા મહત્તમ શેરી ફેરિયાઓને લાભ મળી રહે તે હેતુસર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વધુને વધુ શહેરી ફેરીયાઓને લોન મંજુર થાય તે માટે અન્ય બેંકો સાથે સંકલન કરી કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં વિવિધ બેંક સહભાગી થયેલ. આ યોજનામાં લાભાર્થીઓને બેંક ખાતે વારંવાર મુલાકાત ન લેતા મનપા દ્વારા સભા ગૃહમાં એક જ જગ્યા પરથી લાભાર્થીના ડોક્યુમેન્ટ મેળવી લોન મંજુરીની પ્રક્રિયા સરળતાથી થાય તે પ્રકારની સુચારૂ વ્યવસ્થા દ્વારા કરવામાં આવેલ.

આ કેમ્પમાં તા.૨૪ ના રોજ ૧૩૧ લાભાર્થીઓની અને તા.૨૫ ના રોજ ૬૮ લાભાર્થીઓ મળી કુલ ૧૯૯ લાભાર્થીઓની લોન મંજુરીની પ્રક્રિયા બેંકો દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

### કેમ્પના સ્થળે અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે ઈ-શ્રમ કાર્ડ રજીસ્ટ્રેશનની કામગીરી કરાઈ

આ માટે બે દિવસ દરમિયાન ૯૭૨ જેટલા લાભાર્થીઓનો સંપર્ક કરવામાં આવેલ હતો.

તેમજ કેમ્પના સ્થળે અસંગઠિત ક્ષેત્રનાં કામદારો માટે ઈ-શ્રમ કાર્ડ રજીસ્ટ્રેશનની કામગીરી પણ કરવામાં આવી હતી. બેંકો દ્વારા નામંજૂર થયેલ નવી અરજીઓને ફરી એક્ટીવ કરવા માટે ઓનલાઈન ફોર્મ ભરવામાં આવે છે.તેમજ અરજી કરેલ લાભાર્થીઓને સમાન દિવસે જ બેંક દ્વારા ડોક્યુમેન્ટ ચકાસણી કરી મંજુરીની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવે છે. આ યોજનાના લાભાર્થીઓની મહતમ લોન અરજીઓ મંજુર થાય તે માટે કમિશનર અમિત અરોરા દ્વારા સતત લીડ બેંક મેનેજર અને તમામ બેંકોના રીઝ્યોનલ ઓફિસર સાથે મિટિંગ તથા ફોલોઅપ લેવામાં આવી રહ્યું છે. વિશેષમાં **PM SVANidhi** યોજનાનો લાભ મહતમ ફેરિયાઓને લેવા મનપા દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે. જેમાં લાભ લેવા ઇચ્છતા લાભાર્થીઓએ મોબાઈલ ઉપરાંત આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, બેંક પાસબુક, ઓરીઝનલ અને ઝેરોક્ષ નકલ સાથે **NULM** સેલ મનપા ઢેબર રોડ ખાતે સંપર્ક કરવાનો રહેશે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

### શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા

## જયુબેલી શાક માર્કેટ ખાતે પ્રાથમિક સદસ્યતા અભિયાન યોજાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

રાષ્ટ્રીય જનતા પાર્ટીની યોજનાનુસાર તા.૧૬ જુનથી સમગ્ર દેશભરમાં પ્રાથમિક સદસ્યતા અભિયાનનો પ્રારંભ થયેલ છે તે અંતર્ગત ગુજરાતમાં પણ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના નેતૃત્વમાં પ્રાથમિક સદસ્યતા અભિયાન કાર્યરત છે તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ મોરચા અને સેલ દ્વારા પ્રાથમિક સદસ્યતા અભિયાનની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. તે અંતર્ગત વોર્ડ નં. ૭ માં જયુબેલી શાક માર્કેટ ખાતે શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા પ્રાથમિક સદસ્યતા અભિયાન યોજાયેલ હતું. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રક્ષાબેન બોળીયા, રમેશ દોમડીયા, ડો.દર્શીતાબેન શાહ, કીરણબેન હરસોડા, રાજુ મુંધવા, મીનાબેન પારેખ, દક્ષાબેન શાહ, પ્રીતીબેન પાંઉ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# બુથ સશકિતકરણ અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાઈ: માર્ગદર્શન આપતા મેરામણ ભાટુ



### પાર્ટીના બુથસ્તરીય પાયાને મજબુત કરવા બુથ સશક્તિકરણ અભિયાનએ એક મહત્વપૂર્ણ અભિયાન છે : મિરાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

કેન્દ્રીય ભાજપ દ્વારા સમગ્ર દેશમાં તમામ લોકસભા બેઠક તેમજ વિધાનસભા બેઠક વિસ્તારમાં આવતા વિસ્તારમાં આવતા નબળા બુથને મજબુત કરવા તેમજ બુથ વિશ્લેષણ માટે બુથ સશકિતકરણ અભિયાન કાર્યક્રમ આપવામાં આવ્યો છે. ત્યારે બુથ સશક્તિકરણ અભિયાન અંતર્ગત પ્રદેશ સ્તરની કાર્યશાળા સંપન્ન થયેલ છે. ત્યારે બુથ સશકિતકરણ અભિયાનની કામગીરી અસરકારક અને સુચારૂ રીતે આયોજનબધ્ધ થાય તેમજ આ કાર્ય વિશેષ ગતિથી થાય તે હેતુથી ભારતીય જનતા પાર્ટી મહાનગર અને જીલ્લા સ્તરની કાર્યશાળા શહેરની રાણીંગા વાડી ખાતે પ્રદેશ ભાજપ અગ્રણી મેરામણભાઈ ભાટુની ઉપસ્થિતિમાં અને શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સાંસદ રામભાઈ મોકરીયા, રાજયના પૂર્વમંત્રી જયેશભાઈ રાદડીયા, કુંવરજીભાઈ બાવળીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઈ ખાચરીયા,શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, ભાજપ અગ્રણી જીતુભાઈ મહેતા, જીલ્લા ભાજપ મહામંત્રી મનસુખભાઈ રામાણી, પ્રવીણભાઈ માંકડીયાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.આ તકે નિતીન ભુતએ મેરામણ ભાટુનું સન્માન કર્યું હતું.

આ કાર્યશાળામાં સ્વાગત પ્રવચન કરતા કમલેશ મિરાણીએ જણાવેલ હતું કે, પાર્ટીના બુથસ્તરીય પાયાને મજબુત કરવા અને પાર્ટીના વિસ્તારને અવરોધતા મુખ્ય પાસાઓને સમજવા માટે બુથ સશકિતકરણ અભિયાન એ એક મહત્વપૂર્ણ અભિયાન છે.ત્યારે બુથ સશક્તિકરણ અભિયાન દ્વારા બુથ પર પાર્ટીનું સમર્થન વધારવા અને જીતાડવા માટેની વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે.

આ તકે પ્રદેશ ભાજપ અગ્રણી મેરામણભાઈ ભાટુએ જણાવેલ કે, આ અભિયાનને સરળ અને સુચારૂ અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે સાંસદઓ અને ધારાસભ્યઓ દ્વારા રચાયેલી ટીમો નકકી કરેલા બુથના મુખ્ય મતદારો, પ્રભાવશાળી લોકો અને સ્થાનીક કાર્યકર્તાઓ સુધી પહોંચશે અને નબળા બુથોની તલસ્પર્શી માહિતી મેળવશે.

આ કાર્યશાળામાં શહેર ભાજપના હોદેદારો, વોર્ડના પ્રભારી, પ્રમુખ,મહામંત્રીઓ, કોર્પોરેટરો સહિતના ઉપસ્થિત રહ્યા છે. આ કાર્યશાળાને સફળ બનાવવા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનીલભાઈ પોરખ, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષી, કાર્યાલય પરિવારના રમેશભાઈ જોટાંગીયાએ જહેમત ઉઠાવી હતી.

### શહેર ભાજપ અનુ.જાતિ મોરચા દ્વારા

## વોર્ડ નં.૪માં પ્રાથમિક સદસ્યતા અભિયાન યોજાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

રાષ્ટ્રીય જનતા પાર્ટીની યોજનાનુસાર તા.૧૬ જુનથી સમગ્ર દેશભરમાં પ્રાથમિક સદસ્યતા અભિયાનનો પ્રારંભ થયેલ છે તે અંતર્ગત ગુજરાતમાં પણ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના નેતૃત્વમાં પ્રાથમિક સદસ્યતા અભિયાન કાર્યરત છે તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ મોરચા અને સેલ દ્વારા પ્રાથમિક સદસ્યતા અભિયાનની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. તે અંતર્ગત વોર્ડ નં.૪ માં રોહીદાસપરા ખાતે શહેર ભાજપ અનુ.જાતિ મોરચા દ્વારા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી કિશોર રાઠોડની ઉપસ્થિતિમાં અને શહેર ભાજપ અનુ.જાતી મોરચાના પ્રભારી અને શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, પ્રમુખ મહેશ અઘેરા, મહામંત્રી નાનજીભાઈ પારઘી, વજુભાઈ લુણસીયાની આગેવાનીમાં પ્રાથમિક સદસ્યતા અભિયાન યોજાયેલ હતું. આ તકે શિક્ષણ સમિતિ સદસ્ય રવિ ગોહેલ, દિનેશભાઈ સોલંકી, જયસુખ બારોટ, શોભીત પરમાર, અનીલ શ્રીમાળી, નરેશભાઈ ચૌહાણ, રમેશભાઈ સાગઠીયા, પુષ્કર પરમાર, કાળાભાઈ સાગઠીયા, દિલીપભાઈ, લવજીભાઈ, જેઠાભાઈ, ભાણાભાઈ, પ્રવીણભાઈ, ચિરાગભાઈ, વિજયભાઈ, રવજીભાઈ ચૌહાણ, રતનબેન શ્રીમાળી, ગંગાબેન સાગઠીયા, હંસાબેન, ગૌરીબેન સાગઠીયા, રેખાબેન સાગઠીયા, જયેશભાઈ ચાવડીયા, પ્રવીણભાઈ, ચંદુભાઈ સાગઠીયા, દિલીપભાઈ, કેશુભાઈ સાગઠીયા સહીતના જોડાયા હતા.

# મનપાની ફૂડ શાખા દ્વારા ૧૧ નમૂનાની સ્થળ પર ચકાસણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન સાથે બજરંગવાડીથી જામનગર રોડ વિસ્તારમાં ચકાસણી તથા અવેરનેસ હાથ ધરવામાં આવેલ. જેમાં દર્શાવેલ વિગતો મુજબ કુલ ૨૦ પેઢીની ચકાસણી કરવામાં આવેલ. ચકાસણી દરમિયાન વેંચાણ થતાં ઠંડાપીણાં, પ્રિપેર્ડ ફૂડ તથા ઉપયોગમાં લેવાતા ખાધ્ય તેલ વગેરેના કુલ ૧૧ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

(૧)સુરતિ મિલ્ક પાર્લર (૨) શ્રી સાવરીયા સેન્ડવિચ (૩) શ્રી રાધિકા ચાઇનીઝ પંજાબી (૪) જય ખોડિયાર ચાઇનીઝ પંજાબી (૫) રાધે શ્યામ ચાઇનીઝ પંજાબી (૬) જય ભવાની પાઉંભાજી (૭) જય ગણેશ મદ્રાસ કાફે (૮) રિધ્ધિ સિધ્ધી વિનાયક વડાપાઉ (૯) રાજ પાઉભાજી (૧૦) જોગી ઘુઘરા (૧૧) જોગી ઢોકળા (૧૨) **MGM** ચાઇનીઝ પંજાબી (૧૩) કચ્છી દાબેલી ઘુઘરા (૧૪) તિરૂપતિ મદ્રાસ કાફે (૧૫) ગણેશ પાઉભાજી (૧૬) શ્રી ચામુંડા મદ્રાસ કાફે (૧૭) શ્રી ચામુંડા ભેળ સેન્ટર (૧૮) સંધ્યા મદ્રાસ કાફે (૧૯) અમીષા ચાઇનીઝ પંજાબી (૨૦) જય સિયારામ વડાપાઉની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ. ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન સાથે કોઠારીયા મેઇન રોડ વિસ્તારમાં લાઇસન્સ અંગે અવેરનેસ ડ્રાઈવ તથા ચકાસણી કરવામાં આવેલ. જેમાં કુલ ૨૦ પેઢીની ચકાસણી કરવામાં આવેલ.

(૧)ગોકુલ ડેરી ફાર્મ (૨) યોગેશ્વર ડેરી ફાર્મ (૩) અશોક વિજય ડેરી ફાર્મ (૪) અતુલ આઇસક્રીમ (૫) સપના કોલ્ડ્રિંક્સ (૬) કેક એન જોય (૭) શિવમ ફાસ્ટ ફૂડ (૮)શ્રી સદગુરૂ જ્યુસ (૯) મધુભાઈ ચેવડાવાળા (૧૦) ડિલક્સ કોલ્ડ્રિંક્સ (૧૧) ખોડિયાર કોલ્ડ્રિંક્સ (૧૨) ગુરૂકૃપા ફૂડ ઝોન (૧૩) દિલિપ ડેરી ફાર્મ (૧૪) આનંદ શીંગ (૧૫) ઝૂલેલાલ ફૂડ ઝોન (૧૬) શિવ શક્તિ કિરાણા ભંડાર (૧૭) ભવાની સ્વીટ ફરસાણ (૧૮) હાસમભાઇ કુલ્ફિવાળા (૧૯) રામ ઔર શ્યામ ગોલાવાળા (૨૦) નકલંક ડેરી ફાર્મની જનરલ ચકાસણી કરવામાં આવેલ.

(૧) કેસર કાજુ લસ્સી (૨૨૦ml પેક માંથી) સ્થળ - પટેલ ડેરી પ્રોડક્ટસ પ્રા. લી. (છાસવાલા) - કોઇન્સ કોર્નર, ગ્રાઉન્ડ ફ્લોર, ડો.યાજ્ઞિક રોડ, રાજકોટ.

(૨) વેનીલા આઇસક્રીમ (૭૦૦ml પેક માંથી) સ્થળ -પટેલ ડેરી પ્રોડક્ટસ પ્રા. લી. (છાસવાલા)- કોઇન્સ કોર્નર, ગ્રાઉન્ડ ફ્લોર, ડો.યાજ્ઞિક રોડ, રાજકોટ નમૂના લેવાયા હતા.(૧૩)

## અવસાન નોંધ

લોઢવા નિવાસી સ્વ.ધાનીબેન સાર્દુળભાઈ ભોળા (ઉ.વ.૮૮) તે સાર્દુળભાઈ મેણસીભાઈ ભોળાના પત્ની તથા આદર્શ એગ્રો લોઢવા વાળા પુંજાભાઈ, હમીરભાઈ અને ગોવિંદભાઈના માતા અને આદર્શ એગ્રો કોડીનાર વાળા નારણભાઈ અને જીવાભાઈના મોટાબાનું શનિવાર તા.૨૫ ના રોજ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું ગુરૂવારે તા.૩૦ ના રોજ લોઢવા વાડિયે રાખેલ છે.

રાજકોટઃ દમયંતીબેન બચુભાઈ પટેલ (ઉ.વ.૫૩) તે કલ્પેશભાઈ અને મિતેશભાઈના માતા તા.૨૬ રવિવાર અવસાન પામેલ છે. સદ્ગતનું બેસણું તા.૩૦ ગુરૂવારે સાંજે ૪ થી ૬ બ્રહ્મનાથ મહાદેવના મંદિર, તિરૂપતિનગર મેઈન રોડ, હનુમાન મઢી ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

### આવતીકાલે રાણીંગા વાડી ખાતે ભાજપ દ્વારા સૌરાષ્ટ્ર ઝોનની બેઠક

## સૌરાષ્ટ્રભરમાંથી વિધાનસભાના પ્રભારીઓ, પ્રમુખ અને સંગઠનના પ્રભારીઓ ઉપસ્થિત રહેશે



### પ્રદેશ ભાજપ મહામંત્રી રત્નાકરજી તથા વિનોદભાઈ ચાવડા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે પ્રદેશ ભાજપની યોજનાનુસાર આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ગુજરાતભરની ૧૮૨ વિધાનસભામાં પ્રભારીઓની નિમણુંક કરેલ છે ત્યારે દરેક વિધાનસભામાં બુથ, શક્તિકેન્દ્ર, વોટસઅપ ગ્રુપ તેમજ પ્રાથમિક સદસ્યતા અભિયાનને વેગ મળે તેવી બાબતોને ધ્યાનમાં રાખી પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ ઝોનવાઈઝ બેઠકનો પ્રારભં થઈ રહ્યો છે તે અંતર્ગત આવતીકાલે બપોરે ૧૨:૩૦ કલાકે શહેરની રાણીંગા વાડી ખાતે સૌરાષ્ટ્ર ઝોનની બેઠક યોજાશે.

આ બેઠકમાં સૌરાષ્ટ્ર ઝોનની વિધાનસભાના પ્રભારીઓ, પ્રમુખો, વિસ્તારકો તેમજ સંગઠનાના પ્રભારીઓ ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં પ્રદેશ ભાજપ મહામંત્રી રત્નાકરજી તથા વિનોદભાઈ ચાવડા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

# એક્સપ્રેસ-વેનો જામનગર સુધી લાભ મળશે

## નેશનલ હાઈ-વે પર ટોલનાકુ નહીં દેખાય: અંતર પ્રમાણે રૂપિયા કપાશે

(જી.એન.એસ.)

ન્યુદિલ્હી, તા.૨૮

દેશના નેશનલ હાઈ-વે પર હવે લાંબી-લાંબી લાઈનો લગાવવાની જરૂર નહીં પડે. તમારે હવે એ પણ ચિંતા કરવાની જરૂર નથી કે ૫ કિમીના અંતરમાં તમારે પૂરેપૂરો ટોલ ટેક્સ ચૂકવવો પડશે. ટૂંક સમયમાં જ રાજસ્થાનથી નીકળતા હાઈ-વે હાઈટેક થવાના છે. તેના પર ટૂંક સમયમાં (ઓટોમેટિક નંબર પ્લેટ રિડર) સિસ્ટમ લાગુ થવાની છે. હકિકતમાં કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ નવો કન્સેપ્ટ લાવવાનું વિચારી રહ્યું છે. રાજસ્થાનમાં નેશનલ હાઈ-વે ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક એવો ગ્રીન ફિલ્ડ એસ્કપ્રેસ બનાવવાનો છે. જ્યાં એક પણ ટોલનાકુ બનાવાશે નહીં. આ સિસ્ટમનો સૌથી વધારે ફાયદોએ થશે કે વ્હિકલના માલિકે તેટલા જ રૂપિયા ટોલ ટેક્સ ચૂકવવો પડશે. જેટલા કિલોમીટર તે હાઈ-વે પર ગાડી ચલાવશે. તેની શરૂઆત રાજસ્થાનથી પસાર થતા ગ્રીનફિલ્ડ એકસપ્રેસ-વેથી થશે. પંજાબના અમૃતસરથી શરૂ થઈને ગુજરાતના જામનગર સુધી બની રહ્યો છે ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે રાજસ્થાન સાથે પણ જોડાશે. તેની કનેક્ટિવિટી પંજાબ, હરિયાણા અને અરબ સાગરના પોર્ટ સુધી રહેશે. ભારત માળા પ્રોજેક્ટ અંતર્ગત બનાવવામાં આવતા આ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વેની રાજસ્થાનમાં કુલ લંબાઈ ૬૩૭ કિમી છે. જ્યારે પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં આ સંપૂર્ણ પ્રોજેક્ટની કુલ લંબાઈ ૧,૨૨૪ કિમીની છે. આ પ્રોજેકટના પૂરા થયા પછી આ રાજસ્થાનનો સૌથી મોટો ડેડિકેટેડ એક્સપ્રેસ-વે બની જશે. ખાસ વાત એ છે કે, આ એક્સપ્રેસ-વે પર કર્વ અને ટર્ન ઓછા હશે. હાલના સમયે ૬ લેનવાળા પ્રોજેક્ટનું રાજસ્થાનમાં ૬૪% (૪૦૭ કિમીનું) કામ પૂરુ થઈ ગયું છે. આ આખા પ્રોજેકટનો કુલ ખર્ચ ૧૪,૭૦૭ કરોડ થવાનો અંદાજ છે. આ પ્રોજેક્ટ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં પૂરો કરવાનો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે.

# ધો.૧૦ માં સાપરિયા પ્રિન્સ ૯૭.૯૨ પી.આર. સાથે ઉતીર્ણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટઃ ચાણક્ય સ્કૂલમાં અભ્યાસ કરતા પ્રિન્સ સાપરીયા ધો. ૧૦ ની પરીક્ષામાં ૯૭.૯૨ પી.આર. મેળવેલ છે. પરિવારનો સાથ સહકાર તેમજ અથાગ પ્રયત્ન સાથે ઉત્તમ પરિણામ મેળવી સાપરીયા પરિવાર અને ચાણક્ય સ્કૂલનું ગૌરવ વધાર્યું છે.



P.R. 97.92

# થેલેસેમિયા બાળકોએ વરસાદમાં આનંદોત્સવ માણ્યો

## વિવેકાનંદ યુથ કલબ દ્વારા ૧૨૦ બાળકોને સહ પરિવાર ખાણી-પીણી અને રમત-ગમત સહિતની મજા પડી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

વિવેકાનંદ યુથ કલબ દ્વારા લોહીના વારસાગત રોગ થેલેસેમિયા પીડિત બાળકોના જીવનમાં આનંદનો ઉજાસ પાથરવા એક રામભક્ત અને બાપા સીતારામ પરિવારના સહયોગથી આનંદોત્સવ કાર્યક્રમનું આયોજન બોર્ડીંગમાં કરવામાં આવ્યું હતું. મુશળધાર વરસાદમાં ૧૨૦ થી વધુ બાળકોએ સહપરિવાર ઉપસ્થિત રહીને મન ભરીને મજા માણી હતી. દરેક માટે વરીયાળીનું સરબત, પાણીપૂરી, દાબેલી, રગડો, ભેળ, જાંબુ, છાશ, આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતા.

આ ઉપરાંત તક્ષભાઈ મીશ્રા દ્વારા બાળકોને ગીત, સંગીત, નૃત્ય, રાશ ગરબાની મજા કરાવી હતી. ભોજન વ્યવસ્થા સુરેશભાઈ બાટવીયા અને હિતેષભાઈ ખખ્ખરે સંભાળી હતી. દરેક થેલેસેમિયા બાળકો સંગીત ખુરશી, લીંબુ ચમચ, બેલેન્સ રેલની રમતો રમ્યા હતા. સ્પર્ધામા વિજેતાઓને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ હતા. તમામ બાળકોને દાતાઓના સહયોગથી સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક અનુપમ દોશી, મીતલ ખેતાણી, સુરેશભાઈ બાટવીયાએ સંચાલન ક્યું હતું.

# ‘આત્મમંથન’

ખ્રિસ્તીઓમાં એક રિવાજ હોય છે, રવિવારે માસ પ્રેયરમાં (સામુહિક પ્રાર્થના) એ લોકો પોતાનાથી ક્યાંક કશેક જાણ્યે અજાણ્યે થયેલી કોઈ ભૂલની પોતાના ઈશ્વર પાસે કબૂલાત કરે છે અને સાચાં દિલથી આવી કબૂલાત કરીને હળવાફૂલ થઈ જાય છે. વિધર્મીઓ પાસેથી પણ જો કંઈક શીખવા જેવું હોય તો શીખવું જોઈએ એવું મારું માનવું છે. આગળ વધતાં પહેલા હું એક કબૂલાત કરી લઉં કે આપણાં ધર્મ સ્થાનમાં શિસ્ત પાળતાં લોકો અને ચોખ્ખાઈ રાખતાં લોકો પછી એ કોઈ પણ ધર્મના કેમ ના હોય મને ખૂબ ગમે છે.

હા, તો આપણે વાત કરતાં હતાં કબૂલાતની...

કરી છે ખુલ્લા દિલથી, સાચાં દિલથી કોઈની પણ પાસે પોતાની કોઈ પણ ભૂલની કબૂલાત?

તમે કહેશો, એમાં શું? એમાં કંઈ મોટી વાત છે પણ સાચું કહું પોતાની ભૂલને અક્ષરસઃ કબૂલીને એ ભૂલની માફી માંગવી આસાન નથી હોતી.

અરે..માફી છોડો, આપણે ખુલ્લા દિલથી કોઈને એમ કહેતાં પણ ગભરાતાં હોઈએ છીએ કે પમને તું ગમે છે હસવું આવ્યું ને? આવવું જ જોઈએ, તમારાં જીવનમાં આવાં બે પાત્ર તો હશે જ હશે જેને કાં તો તમે દીલથી સોરી કહેવા ઈચ્છતા હોવ અને કાં તો તમે **I like / love you** કહેવા ઈચ્છતા હોવ, વર્ષોના વર્ષો વીતી જાય છે પણ કહી શકતાં નથી.

હવે તમે કહેશો કે આ બેય વાતનો સાથે ઉલ્લેખ કરવાનો શું મતલબ છે? ક્યાં મેળ છે આ બન્ને વાતનો પણ મને લાગે છે કે મેળ છે.

કારણ આ બન્ને દીલના ઉંડાણથી કહેવી પડે છે, ના ઉપર ઉપરથી કહેલું ‘સોરી’ નો કોઈ મતલબ છે ના ઉપર ઉપરથી કરેલી પ્રેમની કબૂલાતનો કોઈ અર્થ છે.

‘કંઈ કેટલુંય ઘમરોળાય દીલમાં
ત્યારે એક ટશીયુ ફૂટે છે
અનેક જાતની માવજત પછી
ક્યાંક એકાદ શબ્દ ઉગે છે
એ શબ્દને જીભ પર લાવવા માટે
એક માણસ કેટકેટલું મથે છે.’



(મમતા પટેલ-મુંબઈ)

કલાસમાં કોઈની ખોટી ફરિયાદ કરી હોય અને એને સજા થઈ હોય, સોરી તો કહેવું છે પણ કેવીરીતે?

રીસેસમાં નળમાં ખોબો ધરીને પાણી પીતી, વારેવારે ગાલ પર ધસી આવતી લટ સરખી કરતી એકાદ અલ્લડ છોકરી ગમી ગઈ હોય અને એને **I love you** કહેવું છે પણ કેવીરીતે?

ઘણાને તો આ બન્ને વાત એક જ વ્યક્તિને કહેવી હોય છે.કેમ નથી કહી શકતાં? શું સતાવે છે આપણને?

આપણો અહમ્? કે એક છૂપો ડર?

કદાચ હા, સામી વ્યક્તિ આપણને ગ્રાન્ટેડના લઈ લે એવો ડર, ક્યાંક અજાણતાં પણ આપણો અહમ્‌ના ઘવાઈ જવો જોઈએ એવો આગ્રહ કે પછી દુરાગ્રહ,

જો ‘સોરી’ કહેવું છે તો એ આપણને ગુનેગાર ઠેરવીને આપણાં પર ચડીના બેસે એવો ડર, દીલ તો કહે છે કે ‘સોરી’ કહી દેવું જોઈએ પણ સામી વ્યક્તિ મારાં મનની પારદર્શકતા સમજશે કે પછી મને નિર્બળ સમજીને મને આગળ ઉપર હેરાન કરશે એવો ડર, પોતાની જ કોઈ વ્યક્તિ છે તો એ હેરાન નહીં કરે પણ મારે હંમેશા આ માટે નીચું જોવું પડશે એવો ડર, કંઈ કેટલી જાતનાં ડર આપણી ભિતર આપણે સંઘરીને બેઠાં છીએ.







જો ‘આઈ લવ યુ’ કહેવું છે તો રિજેક્ટ થવાનો ડર, સામી વ્યક્તિ પ્રેમ કરતી પણ હશે તોયે મારી કબૂલાત સાંભળીને પછી ભાવ ખાશે તો? એવો ડર અને તું જ મારી પાછળ પડી કે પડ્યો હતો એવું ક્યારેક સાંભળવું પડશે એવો પણ ડર હોય છે.

હા, એવું બને પણ ખરું, તમે કોઈને વધુ પડતી લાગણી બતાવી દો તો તમને **taken for granted** લેવાનાં ચાન્સ બહું વધી જાય છે, ‘આ ક્યારેય મને છોડશે નહીં’ જે દિવસે કોઈ એવું માની લે ત્યારે સામેવાળાનુ મહત્વ ઓછું થઈ જતું હોય છે, પછી એ સંબંધ કોઈ પણ હોય.

શા માટે કોઈની પારદર્શકતા કે પ્રેમનો આપણે દુરૂપયોગ કરીએ છીએ? શા માટે કોઈની સતત મળતી લાગણીમાં ભીંજાતા રહેવાને બદલે આપણે એને બાજું પર મૂકીને જ્યાં ત્યાં કોઈ નવી વ્યક્તિ તરફ ઝુકી જઈએ છીએ?

શા માટે દીલથી કહેવાયેલું ‘સોરી’ કે ‘આઈ લવ યુ’ જેવાં દુર્લભ શબ્દો આપણને આકર્ષવાને બદલે આપણો ઈગો વધારવા માટે કારણભૂત બને છે?

એક ઓફિસમાં એક કર્મચારી દીલનો એકદમ સાફ, ભૂલ થાય એટલે તરત જ સોરી કહી દે એવો **well mannered** છતાં સૌથી વધું અપમાનિત થતો, શું એની સરળતા જ એની દુશ્મન હતી?

એક સ્ત્રી કે એક પુરૂષ પોતાના પાર્ટનર માટે ઘેલા ઘેલા થાય ત્યારે એ પ્રેમનું આદર કરવાને બદલે એ તો ઘેલો / ઘેલી છે એવું માનીને આ વિશ્વમાં સૌથી અમુલ્ય લાગણી એવાં પ્રેમને શા માટે અપમાનિત કરીએ છીએ?

એક નાનું બાળક પણ હંમેશા **available** રહેતી મમ્મી તરફ દુર્લક્ષ સેવે છે, કેમ? કારણ ખૂબ જ આસાન છે, કોઈ પણ સંબંધ બદલાય છે, મમ્મી ના તો બદલાય છે, ના છોડીને જાય છે અને પ્રેમ? એ તો એ હંમેશા જ કરતી રહે છે, સામે પ્રતિસાદ મળે કે ના મળે.

શું તમે સોરી કે આઈ લવ યુ કહેતાં અચકાવ છો? કે પછી કોઈ છે તમારી આજુબાજુ જે આવું કહી શકે છે અને તમે એને ગ્રાન્ટેડ લો છો? બન્ને વાત સારી નથી અને માટે જ તમારાં તરફથી તમારી **feelings** કહીને છોડી દો, દીલ પર કોઈ બોજ નહીં રહે, કન્ફેશન્સ દીલને આરામ આપે છે, રાહત આપે છે અને બાકી રહી ગ્રાન્ટેડ લેવાની વાત, તો ના લો, ના લેવાં દો..

આત્મમંથન તો હંમેશ મુજબ અનિવાર્ય

## ગોંડલ તાલુકાની નવાગામ પ્રાથમિક શાળામાં પ્રેરક કાર્ય

# દિવ્યાંગ શિક્ષક દ્વારા ઓર્ગેનિક શાકભાજીની ખેતી





### અનોખી પર્યાવરણ પ્રયોગ શાળામાં ઉત્પાદિત શાકભાજીનો જ ૨૦૦ વિદ્યાર્થીઓના મધ્યાહન ભોજન બનાવવામાં ઉપયોગ

કિશન મોરબીયા દ્વારા)

વીરપુર, તા.૨૮

સામાન્ય રીતે શિક્ષકનું નામ સાંભળતા જ આપણે સૌને શાળામાં અભ્યાસ કરાવતા જ શિક્ષકોની છબી યાદ આવે પરંતુ કોઈ એવા શિક્ષક મળી જાય તો જે શાળામાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાની સાથે શાકભાજીની ઓર્ગેનિક ખેતી પણ શાળામાં જ કરે છે,આ વાત સાંભળીને નવાઈ લાગશે પરંતુ આ વાતને વીરપુર પાસેના ગોંડલ તાલુકાના નવાગામ ગામના પ્રાથમિક શાળાના દિવ્યાંગ શિક્ષક જેન્તીભાઈ ભાખોતરાએ સાર્થક કરી છે.

છેલ્લા દસ વર્ષથી જેન્તીભાઈ ભખોતરા નવાગામ પ્રાથમિક શાળામાં સામાજીક વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેન્તીભાઈએ છેલ્લા ત્રણ વર્ષથી નવાગામ પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડમાં એક પર્યાવરણ પ્રયોગ શાળા બનાવી છે. જેમાં તે શાકભાજીનું વાવેતર કરીને ઓર્ગેનિક શાકભાજી ઉગાડે છે. ગયા વર્ષે તેમણે શાળામાં ઓર્ગેનિક શાકભાજી જેમકે લીલી હળદર, ટમેટી, ડુંગળી,લસણ વગેરેનું વાવેતર કર્યું હતું. જ્યારે ચાલુ વર્ષે શકરિયા ગાજરનું વાવેતર કરેલ છે. ખાસ વાત એ છે કે, જે પણ શાકભાજી પાકે છે તે શાકભાજીનો ઉપયોગ શાળામાં ભણતા ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને અપાતા મધ્યાહન ભોજન બનાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. નવાગામ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા દિવ્યાંગ શિક્ષક જેન્તીભાઈએ શાળામાં જ કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતરો નાખ્યા વગર જ ઓર્ગેનિક શાકભાજી ઉગાડ્યું છે તે માટે તે દરરોજ શાળાના અભ્યાસના સમય પછી બે કલાક સુધી પોતે દિવ્યાંગ હોવા છતાં શાકભાજીના વાવેતરની માવજત કરે છે તેમને પાણી, નિંદામણ વગેરે તે પોતેજ મહેનત કરીને કરે છે.

## અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક ડો.લોકેશજી દ્વારા વિતરણ

# ન્યુયોર્કમાં વિદ્યાર્થીઓને ગાંધી શાંતિ પોસ્ટરની ભેટ



### ગાંધીજીના જીવન-કવનને દર્શાવતી ચુનંદા ૨૦ તસવીરોનું સુશોભન બન્યું આકર્ષણનું કેન્દ્ર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્ય ડો. લોકેશજી અને ન્યુયોર્કમાં ભારતના કોન્સલ જનરલ રણધીર જયસ્વાલજી અને ડો. પોલ કેસિઆનોજીએ ૭૫૦૦ ગાંધી શાંતિ પોસ્ટરના પ્રસ્તુતિ સમારોહની ઉજવણીમાં હાજરી આપી હતી. ફ્રીપોર્ટ પબ્લિક સ્કૂલના દરેક વિદ્યાર્થી અને સ્ટાફ મેમ્બરને એક પોસ્ટર ભેટ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ૧૩ વિદ્યાર્થીઓને પોસ્ટર પરની તેમની કલાકૃતિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન પીસ ફંડ અને ફ્રીપોર્ટ સ્કૂલ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. ગાંધીજીના જીવન અને વિશ્વમાં તેમના યોગદાનને દર્શાવતી લગભગ ૨૦ રંગીન તસવીરોથી સ્થળને શણગારવામાં આવ્યું હતું.

વિશ્વ શાંતિ દૂત પ્રસિદ્ધ જૈન આચાર્ય ડો. લોકેશજીએ જણાવ્યું હતું કે, બંદૂકની હિંસાનો પ્રશ્ન માત્ર બંદૂકથી જ નહીં પણ આપણા મનથી પણ છે. મગજની એક બાજુ ગણિત, વિજ્ઞાન વગેરે જેવા તમામ વિશ્લેષણ છે અને બીજી બાજુ પ્રેમ, કાળજી વગેરે જેવી ગુણાત્મક બાબતો છે. આપણે હિંસા દૂર કરવા માટે મનની બીજી બાજુને શિક્ષિત કરવાની જરૂર છે. રણધીર જયસ્વાલજીએ કહ્યું કે, ગાંધીવાદી મૂલ્યો સાર્વત્રિક છે, અને તેમના વગર, સમાજમાં સંપૂર્ણ સુખ અને પ્રગતિ થઈ શકે નહીં. ફ્રીપોર્ટ શાળાઓના અધિક્ષક ડો. કિશોર કુંચમે તમામ મહેમાનોનું સમાજમાં તેમની સિદ્ધિઓ અને યોગદાન બદલ સ્વાગત અને સન્માન કર્યું હતું. પીસ ફંડના પ્રમુખ અરવિંદ વોરાએ તેમના વકતવ્યમાં શાંતિને પ્રોત્સાહન આપવા ફ્રીપોર્ટ સ્કૂલ સાથેની ૧૫ વર્ષની ભાગીદારીની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ડો.કેસીઆનો, ડો.એલીસ કેન, આસી. શાળાઓના અધિક્ષક અને ઘણા વિદ્યાર્થીઓએ પીસ ફંડના મહત્વના કાર્યને નિહાળ્યું હતું.

# સિહોરમાં રવિવારે મુસ્લિમ સમાજના જીવનસાથી પરિચય સમારોહનું આયોજન

### સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા સામાજીક સુધારાનું વિકાસલક્ષી પગલું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮


સિહોર ખાતે આગામી તા.૩ જુલાઇના રોજ સમસ્ત મુસ્લિમ સમાજના યુવક-યુવતીઓનો જીવનસાથી પરિચય સમારોહ યકીનશાબાગ સિપાઈ જમાતખાના, સિહોરમાં સવારે ૧૦-૩૦ થી ૪ વાગ્યા સુધી સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા યોજાશે.

સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા અગાઉ છ જીવનસાથી પરિચય સમારોહની સફળતા બાદ ફરી સિહોરમાં સામાજીક સુધારાનું આ વિકાસાત્મક પગલું ભરવામાં આવ્યું છે. પ્રવર્તમાન સમયમાં જીવનસાથી પરિચય સમારોહ અને મેરેજ બ્યુરો જેવી વ્યવસ્થાઓ દ્વારા સમાજની પારિવારીક અને વૈવાહિક સમસ્યાને હલ કરવા સંસ્થા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના મુસ્લિમ બિરાદરો માટે સમય અને નાણાંનો બચાવ તેમજ નિશ્ચિત સ્થળ પર એકત્રિત થઈ સંતાનો માટે યોગ્ય પાત્ર પસંદ કરવાની આ ઉત્તમ વ્યવસ્થા છે.

આ કાર્યક્રમમાં ઉમેદવારી નોંધાવવા માંગતા યુવક-યુવતીઓએ અને તેમના વાલીઓએ આ અંગે વધુ માહિતી અને માર્ગદર્શન માટે રાજકોટ શહેરમાં મુસરફભાઈ મોગલ, પરવેજભાઈ કુરેશી, હનીફભાઈ મોગલ તથા આસીફભાઈ સિપાઈ, જસદણમાં રફિકભાઇ ચૌહાણ, વિંછીયામાં ઈમરાનખાન પઠાણ તથા અશરફભાઈ મિરાસૈયદ, ગોંડલમા તસ્લીમખાન પઠાણ, જેતપુરમાં વાહિદઅહેમદભાઈ કુરેશી, ઉપલેટામાં સાદિકભાઈ બેલીમનો સંપર્ક કરવો અથવા આસીફભાઈ સિપાઈ- ૮૪૬૦૬ ૭૮૬૯૨ પર ફોન કરી વધુ માહિતી મેળવી લેવા પરવેઝભાઈ એમ. કુરેશી (૯૭૧૪૯૭૫૫૮૫) ની યાદી જણાવે છે.

# વિદ્યાર્થીઓને વ્યવસાયિક તાલીમ આપવાના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના નિર્ણયને આવકારતું વાલી મહામંડળ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

શહેર જિલ્લા વાલી મહામંડળની છે કે, શાળા સંચાલક મંડળ જિલ્લાની તમામ આઇટીઆઈ સાથે એમ.ઓ.યુ. કરશે અને વિદ્યાર્થીઓને વ્યવસાયિક તાલીમ આપવામાં આવશે. દેશમાં આ પ્રકારની તાલીમ પ્રથમ ઘટના બની રહેશે.

શહેર જિલ્લા વાલી મહામંડળના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, ઉપપ્રમુખ ગજેન્દ્રસિંહ ઝાલા, મહામંત્રી એડવોકેટ નયનભાઈ કોઠારી, મુખ્ય સંયોજક માજી ડેપ્યુટી મેયર મોહનભાઈ સોજીત્રા, જીતુભાઈ લખતરીયા, જીજ્ઞેશભાઈ વાગડીયા, સરલાબેન પાટડીયા, હંસાબેન સાપરિયા વગેરેએ આવકાર આપતા જણાવ્યું છે કે, આવી તાલીમ મળવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓને એક નવું પ્રેરકબળ તથા પ્રેરણા મળી રહેશે.

# માણવદરની નદીમાં અવરોધ સામે સવાલ

### દગડ ડેમમાંથી ઓવરફલો થતું પાણી રસાલા ડેમ સુધી પહોંચતું બંધ થઈ જતાં રોષ

(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર, તા.૨૮

માણાવદરનો દગડ ડેમ ઓવરફલો થતાં પાણી આઈ.ટી.આઈ. પાછળ થઈ ગણેશ મંદિર પાછળ થઈ વર્ષો પહેલાની પ્રાચીન નદી વહેતી હતી. જે નદી લક્ષ્મીનગરવાળા પૂલ નીચેથી પસાર થઈ બીજી તરફના વોંકળા મારફત શહેરના રસાલા ડેમમાં પાણી જથ્થો સંગ્રહિત થાય છે. આ નદીમાં આઈ.ટી.આઈ બાદ નદીમાં સીધો પ્રવાહને બીજીતરફ વાળવાની પ્રક્રિયા કેમ કરવી પડી? શા માટે નદીમાં અવરોધ કોણે કર્યા? જે પ્રવાહ વર્ષાથી નદી પ્રવાહ વહેતો હોય તે પ્રમાણે પ્રવાહ કરવો જોઈએ. તેવી લોક માંગણી ઉઠવા પામી છે. આ પ્રવાહથી શહેરના નદીનાળા પાણી સંગૃહિત થાય છે.

# ડિસાના જુના નેસડામાં ૧૬૦૦ વૃક્ષોનું વાવેતર

### સમસ્ત મહાજન અને સદ્ભાવના વૃધ્ધાશ્રમ દ્વારા ત્રણ વર્ષ વૃક્ષોના ઉછેરનો પણ સંકલ્પ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

વૈશ્વિક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર ગિરીશભાઈ શાહના માર્ગદર્શનમાં ‘આપણું ગામ, ગોકુળગામ’ યોજના અંતર્ગત ગ્રામ સ્વાવલંબન માટે પ્રયાસો થાય છે. વડ, પીપળ, આંબો, આંબલી, લીમડો, જાંબુ, ઉંબરો, અર્જુન, કરંજ જેવાં દેશી વૃક્ષોનું રોપણ કરી, તેને ત્રણ વર્ષ પ્રેમપૂર્વક ઉછેરી મોટાં કરવાની સંપૂર્ણ જવાબદારી સમસ્ત મહાજન અને સદભાવના વૃધ્ધાશ્રમ ઉપાડે છે. જે અંતર્ગત સમસ્ત મહાજન દ્વારા ‘આપણું ગામ, ગોકુળ ગામ’ યોજના અંતર્ગત ડિસાના નેસડા જુના ખાતે સદભાવના વૃધ્ધાશ્રમ અને જુના નેસડા જૈન સંઘના સંયુક્ત ઉપક્રમે જુદી-જુદી જાતના ૧૬૦૦ જેટલા વૃક્ષનું ટી-ગાર્ડ સાથે વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેતુભા એમ. રાઠોડ (સરપંચ), દિનેશસિંહ રાઠોડ (ઉપસરપંચ), વિપુલસિંહ, સુરપાલસિંહ, અમરસિંહ રાઠોડ તેમજ ગામના યુવાનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.





### શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલેટા ખાતે

# શનિવારે ભવ્ય રોજગાર ભરતી મેળાનું આયોજન

## છેલ્લા ૨૪ વર્ષથી સૌરાષ્ટ્રના જરૂરિયાતમંદ લોકો માટે અનેકવિધ પ્રવૃતિઓઃ ભરતી મેળામાં આશરે ૨૮૫ જગ્યાઓમાં લાયકાત અનુસાર ભરતી કરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી સૌરાષ્ટ્રના જરૂરિયાતમંદ લોકો માટે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહેલ છે. તે અંતર્ગત મદદનીશ નિયામક રોજગારની કચેરીના ઉપક્રમે શિક્ષિત યુવાનો માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

આ અંગે સિધ્ધનાથ ટ્રસ્ટના જયેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું કે, શિક્ષિત યુવાનોને રોજગારી મળે અને તેમની શૈક્ષણિક લાયકાત મુજબ રોજગારી પ્રાપ્ત થાય તે હેતુસર મદદનીશ રોજગાર નિયામકની કચેરીના સહયોગથી ઉપલેટા ખાતે તા.૨/૭ને શનિવારે લોઠીયાવાડી -ડો. ટોલિયા રોડ-ઉપલેટા ખાતે સવારે ૯ વાગ્યાથી ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ ભરતીમેળામાં આઈ.ટી.આઈ. પાસ- ડિપ્લોમા એન્જિનિયરિંગ પાસ, ધો.૧૨ પાસ ગ્રેજ્યુએટ પાસ, તથા પોસ્ટ ગ્રેજ્યુએટ જેમાં (એમ.કોમ., એમ.બી.એ., એમ.સી.એ.) ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોએ જ ઉપસ્થિત રહેવાનું રહેશે. પગાર ધોરણ લાયકાત આધારિત તેમજ કંપની અનુકૂળતા અને અનુભવના આધાર પર અવલંબિત રહેશે.

આ રોજગાર ભરતી મેળામાં આશરે ૨૮૫ જેટલી લાયકાત અનુસાર જગ્યાઓ ભરવામાં આવનાર છે. જેમાં નોકરીનું સ્થાન રાજકોટ રહેશે. રોજગાર મેળામાં ખ્યાતનામ ૧૨ કંપની ઉપસ્થિત રહેનાર છે. જેમાં રોજગારી સ્થળ પર જ રોજગાર અર્થેના ઈન્ટરવ્યુ લેવામાં આવશે અને લાયકાત અનુસાર ઓર્ડર આપવામાં આવશે. જેમાં રોજગાર ઈચ્છુક યુવાનોએ ઈન્ટરવ્યૂમાં પોતાના સ્વખર્ચે સ્થળ પર પોતાનું બાયોડેટા તથા ફોટો અવશ્ય સાથે લાવવાનો રહેશે. આ રોજગાર મેળામાં શ્રમ રોજગાર મંત્રી બ્રિજેશભાઈ મેરજા, રામભાઈ મોકરીયા, ડો. ભરતભાઈ બોઘરા, મનસુખભાઈ ખાચરીયા, રોજગાર અધિકારી નગરપાલિકા કમિશનર ડો. ધીમંતભાઈ વ્યાસ, પ્રમુખ મયુરભાઈ સુવા, દિનેશભાઈ અમૃતિયા, પ્રવીણભાઈ માંકડિયા, વિપુલભાઈ ઠેશીયા, હકુભા વાળા વગેરે ઉપસ્થિત રહેનાર છે. આ રોજગાર મેળાને સફળ બનાવવા માટે જયેશભાઈ ત્રિવેદી, વિક્રમસિંહ સોલંકી, જગદીશભાઈ પૈડા, ભાવેશભાઈ સુવા સહિતનાઓએ જહેમત ઉઠાવી રહ્યા છે.(૧૩)

### રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા આયોજન

# જસદણ પ્રાંત કચેરીમાં કાલે લોકદરબાર

**જસદણ અને વિંછીયા તાલુકાના લોકોના પ્રશ્નો સાંભળીને ત્વરિત નિરાકરણનો આદેશ અપાશે**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૮

આવતીકાલે તા.૨૯ના ૩ વાગે પ્રાંત ઓફીસ ખાતે લોકદરબાર યોજાશે, જેમાં જસદણ- વિછીયા તાલુકાના પ્રશ્નો સંભળાશે અને તાત્કાલિક નિરાકરણ કરવા સંબંધિત વિભાગોમાં કડક સૂચના આપવામાં આવશે.

રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદર, કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા, ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી, શાસક પક્ષ નેતા વિરલભાઈ પનારા, દંડક અલ્પાબેન તોગડિયા, દક્ષાબેન રાદડિયા દ્વારા જણાવાયું છે કે, ગ્રામ્ય પ્રજાના પ્રશ્નોના સ્થળ પર જ નિરાકરણ માટે રાજકોટ જીલ્લા પંચાયત ખાતે દર સોમવારે લોકદરબાર યોજાઈ રહ્યા છે ત્યારે આવતીકાલે તા.૨૯ના જસદણ પ્રાંત ઓફીસ ખાતે બપોરે ૩ કલાકે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, પૂર્વ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, જીલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદર, જીલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, ઉપપ્રમુખ સવિતાબેન વસાણીની ઉપસ્થિતિમાં ગ્રામ્ય વિસ્તારના લોકો પોતાના પ્રશ્નો સરળતાથી રજુ કરી શકે તે માટે લોકદરબાર યોજવામાં આવશે. આ લોકદરબારમાં જસદણ-વિંછીયા વિસ્તારના ગ્રામજનોના વિકાસના કામો સહિતના પ્રશ્નો સાંભળી તેનું સ્થળ ઉપર જ નિરાકાર લાવવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે. આ લોકદરબારમાં જસદણ વિંછીયા વિસ્તારના સંગઠનના હોદ્દેદારો આગેવાનો તથા ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

### જીએસટી કાઉન્સિલની ૪૭મી બેઠક ૨૮-૨૯ જૂને યોજાવાની છે

# સરકાર ઓનલાઇન ગેમિંગ પર ૨૮ ટકા જીએસટી લગાવવાની તૈયારીમાં

## પ્રિન્ટિંગ, લેખન અને ડ્રોઇંગની શાહી, છરી, ચમચી, પ્લેટ અને અન્ય કટલરી પર જીએસટી ૧૨થી વધારીને ૧૮ ટકા કરવાની ભલામણ કરી

**(એજન્સી સમાચાર)**

નવીદિલ્હી,તા.૨૮

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પ્રતિનિધિઓની અધ્યક્ષતામાં જીએસટી કાઉન્સિલની ૪૭મી બેઠક ૨૮-૨૯ જૂને યોજાવાની છે. છ મહિના બાદ કાઉન્સિલની બેઠક મળી રહી છે. ત્યારે કર્ણાટકના સીએમ બસવરાજ બોમ્મઈની અધ્યક્ષતાવાળી સમિતિએ અનેક ઉત્પાદનો અને સેવાઓ પર જીએસટી દર વધારવાની ભલામણ કરી છે. પ્રિન્ટિંગ, લેખન અને ડ્રોઇંગની શાહી, છરી, ચમચી, પ્લેટ અને અન્ય કટલરી પર જીએસટી ૧૨થી વધારીને ૧૮ ટકા કરવાની ભલામણ કરી છે. આ ઉપરાંત ડેરી મશીનરી, એલઇડી લેમ્પ્સ, ડ્રોઇંગ ઇન્સ્ટ્રૂમેન્ટ પર પણ જીએસટી વધારીને ૧૮ ટકા કરવાની ભલામણ કરવામાં આવી છે. બીજી તરફ સોલર વોટર હીટર અને લેધર પર જીએસટી ૫થી વધારીને ૧૨ ટકા કરવાનું સૂચન પણ થયું છે. કેટલીક આઉટસોર્સ સેવાઓ પરના જીએસટી દરમાં પણ વધારો થવાની ધારણા છે. અમુક બી ટુ બી ટ્રાન્ઝેક્શન પર પણ ટેક્સ છૂટ પાછી ખેંચવાની ભલામણ કરવામાં આવી છે. નોન-ઇકોનોમી ક્લાસમાં નોર્થ ઇસ્ટ અને બાગડોગરાની હવાઇ મુસાફરી અને રેલવે કે સડક માર્ગે પરિવહન સેવાઓ પર કરમુક્તિ દૂર કરવાની ભલામણ કરવામાં આવી છે. આ સાથે જ આ બેઠકમાં જીએસટી કાઉન્સિલ કસીનો, ઓનલાઇન ગેમ્સ અને રેસકોર્સ પર ૨૮ ટકા જીએસટીની વ્યવસ્થા અંગે સ્પષ્ટતા કરે તેવી શક્યતા છે. મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાની આગેવાની હેઠળના બીજા સમૂહ ભલામણ કરી છે કે, કેસિનોમાં ખેલાડીઓ દ્વારા મૂકવામાં આવેલા વ્યક્તિગત દાવ પર નહીં પણ ખરીદવામાં આવેલી ચિપ્સ અથવા કોઇન્સના મૂલ્ય પર ૨૮ ટકા જીએસટી લાગુ થવો જોઈએ. પ્રસ્તાવ મુજબ ઓનલાઈન ગેમિંગના કિસ્સામાં ખેલાડીએ ભાગ લેવા માટે ચૂકવેલી રકમ પર ૨૮ ટકાના દરે જીએસટી લાગવો જોઈએ. પેનલે કેસિનો, ઓનલાઇન ગેમ્સ અને રેસ કોર્સ પર ૨૮ ટકા જીએસટી લાગુ કરવાનું સૂચન કર્યું છે. પેનલની ભલામણ છે કે, એક વખત કેસિનોમાં કોઇન્સ કે ચિપ્સની ખરીદી પર જીએસટી લાગી જાય પછી દાવના દરેક રાઉન્ડ પર વધુ જીએસટી થવો ન જોઈએ.

# અમરનાથ યાત્રા માટે અત્યાર સુધી ૩ લાખ લોકોએ રજીસ્ટ્રેશન કર્યું

**(એજન્સી સમાચાર)**


શ્રીનગર, તા.૨૮

કોરોના રોગચાળાને કારણે, આ યાત્રા ત્રણ વર્ષથી બંધ હતી. પ્રશાસન યાત્રા માટે તમામ પ્રકારની તૈયારીઓમાં વ્યસ્ત છે. યાત્રાને લઈને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ અંગે વહીવટી તંત્ર એલર્ટ છે. આ માટે જવાનો દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે. ડ્રોન દ્વારા સર્વેલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે.

યાત્રિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર તેમના રોકાણ, ભોજન અને તબીબી સુવિધાઓમાં કોઈ અંતર છોડવા માંગતું નથી. આ વખતે પ્રથમ વખત ૬ બેઝ હોસ્પિટલ બનાવવામાં આવી છે.

પહેલગામ, બાલતાલ અને સોનમર્ગમાં પણ કોવિડ કેર હોસ્પિટલો બનાવવામાં આવી છે. આ વખતે આ યાત્રા ઘણી ખાસ રહેશે.આ વખતે જમ્મુ અને કાશ્મીરમાં અમરનાથ યાત્રા ૨૦૨૨ માટે રેકોર્ડ સંખ્યામાં મુસાફરો આવવાની અપેક્ષા છે. યાત્રા જમ્મુથી ૨૯ જૂને રવાના થશે. આ યાત્રા 30 જૂનથી શરૂ થઈ રહી છે અને અત્યાર સુધીમાં ૩ લાખ શ્રદ્ધાળુઓએ અમરનાથ યાત્રા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

દેશભરમાં વિવિધ બેંકોની ૫૬૬ શાખાઓમાં નોંધણી થઈ રહી છે. આ વખતે વધુમાં વધુ ભક્તો આવે તેવી અપેક્ષા છે. અગાઉ ૨૦૧૮માં ૨.૮૫ લાખ શ્રદ્ધાળુઓ યાત્રા માટે આવ્યા હતા. ૨૦૧૧માં સૌથી વધુ ૬.૩૫ લાખ શ્રદ્ધાળુઓ આવ્યા હતા. આ પછી ૩-૪ લાખ શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા હતા. જમ્મુ-કાશ્મીર પ્રશાસનનો અંદાજ છે કે આ વખતે આઠ લાખથી વધુ શ્રદ્ધાળુઓ યાત્રા માટે આવી શકે છે.



# કોર્પોરેશન વરસાદી પાણીના સંગ્રહ માટે 'બોર' બનાવશે

## ગુજરાતમાં પ્રથમ પ્રયોગઃ દરખાસ્ત સ્ટેન્ડિંગમાંઃ રિલાયન્સનું ટેન્ડર સૌથી વધુ આકર્ષકઃ બોરની સંખ્યા, ઉંડાઇ, સ્થળ હવે પછી નક્કી થશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૮ઃ શહેરના વિવિધ વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા વરસાદી પાણીના સંગ્રહ માટે બોર બનાવવા કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પદાધિકારીએ આ દરખાસ્તની માહિતી આપતા જણાવ્યું હતું કે, મહાનગર પાલિકા વિસ્તાર તથા મનપા હસ્તકની જગ્યા પર જુદા-જુદા હેતુ માટે બોર કરવા માટે વિવિધ વિભાગો દ્વારા માંગણી કરવામાં આવે છે. આ માંગણી સબબ બોર ડ્રીલીંગ માટે દ્વિવાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ માટે ભાવો મગાવવામાં આવ્યા હતા. જેમાં રિલાયન્સ સેલ્સ કોર્પોરેશન ૫.૫૦ ટકા વધુ તથા મિલન ઇલેકટ્રીકશે ૪૮.૭૦ ટકા વધુ ભાવો આપ્યા હતા. આ ભાવો પૈકી રિલાયન્સ સેલ્સ કોર્પોરેશનના ભાવ અંદાજીત ભાવ કરતા ૫.૫૦ ટકા વધુ હોય જે વધુ જણાતા વાટાઘાટના અંતે ૧.૫ ટકા ભાવ ઘટાડી ૪ ટકા વધુ ભાવથી કામ કરવા એજન્સી સહમત થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વરસાદી પાણીના સંગ્રહ માટેની બોર યોજનાની દરખાસ્ત આવતીકાલની સ્ટેન્ડિંગ કમિટિમાં મુકવામાં આવી છે. શહેરમાં કરવામાં આવનાર બોરની સંખ્યા, ઉંડાઇ, સ્થળ વગેરે હવે સર્વે પછી નક્કી થશે. જુન મહિનો પૂરો થવામાં છે વરસાદી મોસમ શરૂ થઇ ગઇ છે. બોર માટેની વહીવટી પ્રક્રિયા ક્યારે પૂરી થશે અને બોરનું કામ ક્યારે શરૂ થશે તે હજુ નક્કી નથી.

# જસદણઃ શ્રી મહાસતી લોયણ માતાજીના સ્થાનકે અષાઢી બીજની ઉજવણી થશે

## જ્ઞાતિના સ્વયંસેવકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાયો



**(હુસામુદ્દીન કપાસી દ્વારા)**

જસદણ, તા.૨૮

જસદણના આટકોટમાં આવેલ વિખ્યાત મહાસતી લોયણ માતાજીના સ્થાનકએ આગામી તા.૧ને શુક્રવારના રોજ અષાઢી બીજની ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે. આ અંગે શ્રી મહાસતી લોયણ દેવ સમસ્ત લુહાર સુથાર જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે.

અષાઢી બીજના દિવસે હેમાન્દ્રી, યજ્ઞ પ્રારંભ, બિડાહોમ, ધ્વજારોહણ, ગૃહશાંતિ, પ્રસાદ, માતાજીની શોભાયાત્રા, મહાપ્રસાદ, સંતવાણી સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જસદણના ઉધોગપતિ અને ટ્રસ્ટના પ્રમુખ જેન્તીભાઈ પોપટભાઈ રાઠોડ જણાવ્યું હતું કે, આ વર્ષે ઊજવણી ધામધૂમથી થવાની હોય એટલે સમગ્ર ગુજરાતભરના લુહાર સુથાર સમાજના ભાવિકોમાં અનેરો ઉત્સાહ છે. વધુમાં જણાવ્યું હતું કે, આ અષાઢી બીજ મહોત્સવમાં તન, મન, ધનથી સહયોગ આપ્યો હોવાથી અનેરી રીતે ઊજવણી કરવામાં આવશે.

જેમાં આવનાર ભાવિકો માટે પાણીથી લઈ આરોગ્ય સુધીની કાળજી લેવામાં આવશે. આ ઉપરાંત જસદણ આટકોટમાં બનનારા છાત્રાલય અને જ્ઞાતિના વિવિધ વિકાસ કામો અંગે પણ ચર્ચા થશે. જેમાં સમાજના ભાવિકો યથાશક્તિ આર્થિક યોગદાન આપશે અષાઢી બીજને લઈ હાલ તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવા જ્ઞાતિના સ્વયંસેવકોએ કમર કસી છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# વડિયા મામલતદાર ઓફિસના કર્મચારીઓની કર્તવ્ય નિષ્ઠ કામગીરી



**(કિરીટ જોયટા દ્વારા)** વડિયા, તા.૨૮

વડિયા મામલતદાર કચેરીમાં કામ કરતા કર્મચારીઓમાં નજીવા પગારથી કરાર આધારિત નોકરી કરતા જનસેવાના કર્મચારીઓ ચિરાગ પડાયા અને ચિરાગ ચુડાસમા પાસે એક મહિલા અરજદાર કામ સબબ આવેલા હતા ત્યારે મહિલા અરજદાર પોતાનું પૈસા સાથેનું પર્સ ભૂલી જતા આ બંને કર્મચારીઓને ધ્યાને આવતા તપાસ કરી કોઈ લોભ લાલચમાં આવ્યા વગર પ્રામાણિકતાથી તે મહિલાને રૂબરૂ તેનું પર્સ સહી સલામત પહોંચાડી એવું કર્તવ્ય નિષ્ઠા અને પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરૂં પડ્યું છે. ત્યારે આવા કર્મચારીઓ કર્તવ્ય નિષ્ઠાથી લોકો, અરજદારો અને અધિકારીઓ પણ તેમની વાહ વાહ કરતા જોવા મળ્યા છે.(૧૩)

# પાટડીમાં એનઆરઆઈ પરિવાર બનાવશે બાળ સેવા કેન્દ્ર

## હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદીની પ્રેરણાથી સેવાકાર્ય

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

સુરેન્દ્રનગર, તા.૨૮

વતનથી હજારો માઈલ દૂર કેનેડાના ટોરોંટો શહેરમાં ઈન્ડીયન ફેમિલિ એસોસિએશન (આઈ.એફ.એ.) નામની સેવાભાવી સંસ્થા છે. આ સંસ્થાએ હાસ્ય કલાકાર અને સમાજ સેવક ડો. જગદીશ ત્રિવેદીની પ્રેરણાથી ગયા વરસે સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પાસેના નાવા ગામમાં વાદી અને મદારીના બાળકો માટે સરકારી પ્રાથમિક શાળાનું મકાન બનાવી આપ્યું હતું.

અત્યારે જગદીશ ત્રિવેદી અમેરીકા અને કેનેડાના ત્રણ મહિનાના પ્રવાસે છે ત્યારે ઈન્ડીયન ફેમિલિ (આઈ.એફ.એ.) દ્વારા કેનેડા ખાતે એમના ત્રણ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

૧૦ જૂનના રોજ બ્રેમ્પટન, ૨૫ જૂન ગલ્ફ અને ૨૬ જૂન કીચનર ખાતે યોજાયેલા ત્રણે કાર્યક્રમોને કેનેડામાં વસતાં કલાપ્રેમી ગુજરાતીઓએ અત્યંત ઉત્સાહથી માણ્યા હતા. ગલ્ફ ગુજરાતી સમાજે પણ ગલ્ફના કાર્યક્રમમાં ખૂબ સહકાર આપ્યો હતો.

જગદીશ ત્રિવેદીએ આઈફાના આ ત્રણ કાર્યક્રમો દ્વારા એકઠા થયેલા ૧૯,૫૦૫ કેનેડીયન ડોલર એટલે કે આશરે બાર લાખ રૂપિયા સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી ખાતે સરકારી બાળ સેવા કેન્દ્ર બનાવવામાં ખર્ચ કરવાની જાહેરાત કરી હતી. આ ત્રણે કાર્યક્રમોને સફળ બનાવવામાં જયેશ બ્રહ્મભટ્ટ, રજની પટેલ, નવલ બજાજ, પથિક શુક્લા, સહિતનાઓએ ખૂબ જહેમત ઉઠાવી હતી.(૫.૧૩)

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

**મો.9429787729**

**email:-saurashtrakranti@gmail.com**

### ઓખા ભાજપ યુવા મોરચા દ્વારા

# સુરજકરાડી શિશુ મંદિર ખાતે રકતદાન કેમ્પ યોજાયો



**(દિવ્યેશ જટાણીયા દ્વારા)**

મીઠાપુર, તા. ૨૮

ગત તા. ૨૬ને રવિવાર ના રોજ ઓખા શહેર ભાજપ યુવા મોરચા દ્વારા સુરજકરાડીના શિશુ મંદિર ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રક્તદાતાને દેવભૂમિ દ્વારકા જીલ્લા અને જામનગર જીલ્લાના સાંસદ પૂનમબેન માડમ દ્વારા ઘડિયાળ તેમજ વોલેન્ટરી બ્લડ બેંક દ્વારા પર્સ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. આ કેમ્પમાં દેવભૂમિ દ્વારકા જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મોહનભાઈ બારાઈ, દેવભૂમિ દ્વારકા જીલ્લા યુવા મોરચાના મહામંત્રી આનંદભાઈ હરખાણી, યુવા મોરચાના ઉપપ્રમુખ વિશાલભાઈ પીઠીયા, ઓખા નગરપાલિકાના સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં ૬૪ રક્ત બોટલો એકત્રિત કરવામાં આવી હતી; સાથે સાથે રકતદાતાઓ દ્વારા વૃક્ષારોપણ પણ કરાવવામાં આવ્યું હતું. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

# પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે માસિક શિવરાત્રી ઉજવણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટઃ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યે માસિક શિવરાત્રી નિમિતે ગત રાત્રિના જ્યોતપૂજન કરવામાં આવ્યું હતું. આ પુજનમાં સોમનાથ ટ્રસ્ટના અધિકારી, કર્મચારી, તીર્થ પુરોહિતો, દર્શનાર્થીઓ જોડાયા હતા. રાત્રે મહાપુજન અને મધ્યરાત્રીના ૧૨ કલાકે મહાઆરતી કરવામાં આવી હતી. મહાશિવરાત્રિ પર્વે શિવકૃપા પ્રાપ્ત કરી ભક્તો ધન્ય બન્યા હતા.



અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફકત રૂા.૬૦માં

+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426




ફિલ્મ પ્રોડકશન હાઉસ હવે રાજકોટ માં...

વીડી ફિલ્મસ પ્રાઇવેટ લીમીટેડ

હવે તમારા બિઝનેસ મા વધારો કરવા માટે વિડિયો એડ અને કોર્પોરેટ વિડિયો બનાવો

95123 30013

બીગ બજાર પાછળ, મારૂતી ચોક પાસે, રાજકોટ

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.

# રાજકોટની પ્રજાની ઈ-મેમો સમસ્યા ઉજાગર કરવા એનએસયુઆઈ-યુવા કોંગ્રેસની સાઈકલ રેલી



(તસવીરઃ પંકજ ડાભી)

**કાયદાની કલમોનું ખોટું અર્થઘટન કરાઈ રહ્યું છે, ગરીબ અને મધ્યમ વર્ગનાં લોકો જંગી દંડ ભરવા અસમર્થ છેઃ યુવા કોંગ્રેસ અને એનએસયુઆઈનું નિવેદન**

## જનતા પર ૧૫૦ કરોડનો બોજો લાદી ભાજપ સરકાર માટે પોલીસ ચૂંટણી ફંડ એકઠું કરી રહ્યાનો આક્ષેપ

## સરકાર સામે વિરોધ વ્યક્ત કરવા વિશાળ સાઈકલ રેલીઃ યુવા નેતાઓએ કલેકટર મારફત મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેરમાં ઈ-મેમોની વસુલાતથી સામાન્ય અને ગરીબ જનતાની ઉઘાડેછોગ ચાલી રહેલી લૂંટ સામે આક્રોશ દર્શાવવા આજે રાજકોટ શહેર યુવા કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા 'બોજ મુક્ત રાજકોટ' નાં નામે વિશાળ સરકાર વિરોધી સાઇકલ રેલી કાઢવામાં આવી હતી. યુવા નેતાઓએ એવો આક્ષેપ કર્યો હતો કે, રાજકોટની જનતા પર જંગી બોજ લાદીને ભાજપ સરકારની સુચનાથી પોલીસતંત્ર ચૂંટણી ફંડ એકઠું કરી રહ્યું છે.

એનએસયુઆઈ અને યુવા કોંગ્રેસનાં આગેવાનોએ કલેકટર કચેરી સુધી જંગી રેલી યોજી હતી અને ઈ-મેમો અંગેની જનતાની સમસ્યા ઉજાગર કરવા કલેકટર મારફત રાજયનાં મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. યુવા નેતાઓએ એક નિવેદનમાં એક એવો રોષ વ્યક્ત કર્યો હતો કે, સરકારની ગુડબુકમાં આવવા માટે પ્રયત્નશીલ ભૂતપૂર્વ વિવાદાસ્પદ અધિકારીને કારણે રાજકોટની જનતા પર કરોડોનો બોજ નાખવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ રોહિતસિંહ રાજપૂત અને અન્ય આગેવાનોએ એક નિવેદનમાં પોલીસની કામગીરી પર ભારે પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, ટ્રાફિક સમસ્યા નિવારવા, કાયદો વ્યવસ્થા જાળવવા તથા ગેરકાયદે દબાણો અને ગેરપ્રવૃતિઓ રોકવા માટે પાંચ વર્ષ અગાઉ આઈ-વે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો પણ પોલીસ તંત્ર ત્યારથી કાયદાની કલમોનું ખોટું અર્થઘટન કરી દરરોજ લાખોની રકમનાં ઈ-મેમો ઈશ્યુ કરી રહી છે. જેની પાંચ વર્ષની કુલ રકમ રૂ.૧૭૦ કરોડ થવા જાય છે. જેમાંથી લોકોએ ૨૫ કરોડથી વધુ દંડની રકમ ચૂકવી દીધી છે. નવાઈ એ છે કે, ઈ-મેમો એ ટ્રાફિક નિયમભંગ નોટીસ છે એટલે વાહન ચાલકો સમાધાન શુલ્કની રકમ સ્વૈચ્છિક ભરી શકે અન્યથા કોર્ટમાં જવાનો અધિકાર વાહન ચાલકોનો છે. પણ પોલીસ તંત્ર ખાનગી એજન્ટોની જેમ રસ્તા પર ઉભા રાખી અને ઘરે રૂબરૂ જઈ બાકી ઈ-મેમો ભરવા માટે દબાણ કરી કેસ કરવાની યા તો વાહન ડીટેઈન કરવાની ધમકી આપે છે અને ગેરબંધારણીય રીતે દંડની વસુલાત કરે છે. એવું આગેવાનોએ આક્ષેપ કર્યો છે.

નિવેદનમાં જણાવ્યું છે કે, હવે કોર્ટમાં કેસ દાખલ કરી ઈ-મેમો ભરવા પોલીસ મેસેજ મોકલી રહી છે પણ રાજકોટનાં ગરીબ અને મધ્યમ વર્ગનાં લોકો મોટી રકમ ભરવા અસમર્થ છે એ બધા ભયભીત બન્યા છે. કોઈપણ નવા નિયમ લાગુ થાય એ પહેલા લોકોને સંપૂર્ણ માહિતગાર કરવા જોઈએ. પણ રાજકોટનાં મોટાભાગનાં વર્ગને ઈ-મેમોનાં નિયમોની

(અનુ.પાના નં.૪ ઉપર)

## રાજકોટમાં ઇંડાની રેકડીએ ૧૨ વર્ષના તરૂણને માર મારવાનો મામલોઃ વિવાદમાં આવેલ પોલીસ કર્મીની બદલી

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# મનપાની સ્ટેન્ડિંગઃ ૧૭.૬૨ કરોડના વિકાસના કામોને બહાલી



**બે દરખાસ્ત રી-ટેન્ડર કરવાની હોવાથી પેન્ડિંગ, બાકી તમામ મંજૂર**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા. ૨૮

રાજકોટ મહાનગરપાલીકાની આજે સ્ટેન્ડિંગ કમિટી બેઠક મળી હતી જેમાં ૫૨ દરખાસ્તો મુકવામાં આવી હતી જેમાંથી ૫૦ મંજુર કરવામાં આવી છે. અને બેની રી-ટેન્ડરમાં મુકવામાં આવી છે. અંબીકા ટાઉનશીપ વિસ્તારમાં પ્રથમ વખત પીપીપી ધોરણે ગાર્ડન ડેવલપ કરવા, શહેરમાં પાંચ જગ્યાએ પબ્લિક ટોયલેટના ૧૦ વર્ષ સુધી ઓપરેશન તથા મેઇન્ટેનન્સની કામગીરી આપવા તથા હોલ માર્કીંગ યુનિટો માટે સાઇટોના પોલીસી બનાવવા વેલનાથપરા ૨૪ મી. ટી. પી. રોડ પર બ્રીજ બનાવવા સહિતની બાવન દરખાસ્તો અંગેની દરખાસ્તોને મંજુરીની મહોર અપાઇ હતી આ ઉપરાંત મનપાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરના રેસકોર્ષ, જયુબેલી, ગ્રીનલેન્ડ ચોકડી તથા પંચાયતનગર સહિતના પાંચ સ્થળોએ

## પબ્લિક ટોયલેટના ૧૦ વર્ષ સુધીના ઓપરેશન તથા મેઇન્ટેનસની કામગીરીમાંથી મનપા ૧૬ લાખની આવક ઉભી કરશે

પબ્લિક ટોયલેટના ૧૦ વર્ષ સુધીના ઓપરેશન તથા મેન્ટેનશની કામગીરી એડવોટાઇઝીંગના રાઇટ સાથે આપવામાં આવશે. આ કામ માટે ભાવો મંગાવતા બે એજન્સીએ રસ દાખવ્યો હતો. જેમાં દર મહિને પ્રતિ ટોયલેટના અભિક એડવોટાઇઝીંગ પ્રા. લિમીટેડે ૯ હજાર તથા મુસ્કાન ફાઉન્ડેશને રૂ. ૨૬,૫૭૫ ભાવ આપ્યો છે. આમ કોર્પોરેશનને દર મહિને પાંચ ટોયલેટના ૧.૩૨ લાખની રોયલ્ટી મળશે. શહેરના વોર્ડ નં. ૪માં વેલનાથપરા ૨૪ મી. ટીપી રોડ પર ૩.૯૫ કરોડના ખર્ચે બ્રીજ બનાવવામાં આવશે. આ કામ માટે બે એજન્સીઓએ રસ દાખવ્યો હતો. જેમાં પવન કન્સ્ટ્રકશન કું. ૧૮.૮૧ ટકા વધુ તથા સરદાર કન્સ્ટ્રકશન કું. ૨૯.૯૧ ટકા વધુ ભાવો આપ્યા હતા. આ ઉપરાંત વોર્ડ નં. ૪માં મોરબી રોડ જકાતનાકા પાસે નવુ આરોગ્ય કેન્દ્ર બનાવવા, વોર્ડ નં. ૧૮માં વેલનાથ જડેશ્વર વિસ્તારમાં ૩૦૦ મીમી ડીઆઇ પાઇપલાઇન નાખવા, વોર્ડ નં. ૫માં ડેવલોપ થયેલ વિસ્તારમાં ડ્રેનેજ લાઇન નાખવા, વોર્ડ નં. ૧માં લાઇટ હાઉસ પ્રોજેકટ સુધી ડીઆઇ પાઇપલાઇન નેટવર્કનું કામ, મનપા સંચાલિત પુસ્તકાલયોમાં પુસ્તકો - ટોયઝ - પઝલ - ગેમ્સ ખરીદવા માટે દ્વિવાર્ષિક કોન્ટ્રાકટ આપવા તથા વોર્ડ નં. ૧૫માં ૮૦ ફુટ રોડ પર અમુલ સર્કલ પાસે આવેલ મોહનભાઇ સરવૈયા કોમ્યુનિટી હોલમાં રીપેરીંગ કરવા સહિતની ૫૨ દરખાસ્તો અંગે નિર્ણય કરવામાં આવ્યો હતો.

## ૬.૮૬ લાખની તબીબ સહાય મંજૂર, ૧ કરોડના ખર્ચે વોર્ડ નં.૪માં નવું આરોગ્ય કેન્દ્ર બનાવાશે

બેઠકમાં કુલ ૫૨ માંથી ૫૦ દરખાસ્તો મંજુર કરીને કુલ ૧૭,૬૨,૫૪,૮૩૦ રૂપીયાના વિકાસના કામોને બહાલી આપવામાં આવી હતી અલગ અલગ બે જગ્યાએથી મનપાને ૧૭,૭૪,૫૦૦ ની આવક થનાર છે. આ ઉપરાંત ૧.૪૮ કરોડના વોટર વર્કસ, ૧૪.૬૩ લાખના પમ્પીંગ સ્ટેશનના કામો, ૩.૮૪ કરોડના રસ્તાના કામો, ૧.૯૨ કરોડના ભુગભ ગટરના કામો, ૬૧.૬૮ લાખના લાયબ્રેરીના કામો, ૨૮.૮૦ સ્મશાન ગાન્ટ, ૧.૫૮ કરોડ મેન પાવર, ૧.૦૫ કરોડના પેવિંગ બ્લોકના

(અનુ.પાના નં.૪ ઉપર)

## પીપીપી ધોરણે બગીચો બનશે

શહેરના વોર્ડ નં. ૧૧માં અંબિકા ટાઉનશીપ વિસ્તારમાં સાનિધ્ય હાઇટસ સામે પીપીપી ધોરણે ૩૧૦૦ ચો.મી.ના પ્લોટમાં ગાર્ડન ડેવલોપમેન્ટ તથા જાળવણી કરાવવાના કામમાં ભાવો મગાવતા જેમાં ત્રણ એજન્સીઓએ રસ દાખવ્યો હતો. જેમાં સૌથી વધુ ઓરબીટ બેરીંગ ઇન્ડીયા પ્રા.લી.એ એક વર્ષના ૧.૮૦ લાખ તથા ત્યારબાદ બાકીના ચાર વર્ષ માટે આ મુજબની રકમ મહાનગરપાલિકામાં જમા કરાવશે. પ્રથમ વખત કોઇ ખાનગી એજન્સી બગીચો ડેવલોપ કરશે અને કોર્પોરેશનને પૈસા ચુકવવામાં આવશે.

